# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૮ ] જાન્યુઆરી ૧૯૮૯ [ અંક ૧

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ (નરેન્દ્રભાઈ બી. દવે) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર-કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
**કે. એન. પરીખ**
**મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,**
**અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)**
**ફોન : ૩૭૯૦૯૭**

# આધ્યાત્મિક કેડી


વર્ષ ૮ ] • જાન્યુઆરી : ૧૯૮૯ • [ અંક ૧ લો

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. લોભ | શાસ્ત્રીજી | ... | ૩ |
| ૨. કર્મબન્ધન | ... | ... | ૬ |
| ૩. ઉપાસકની અવસ્થા | ... | ... | ૧૦ |
| ૪. પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ... | ૧૨ |
| ૫. સત્યની પ્રતીતિ | શાસ્ત્રીજી | ... | ૧૪ |
| ૬. બંગલાનો ઉપદ્રવ ટળ્યો! | ... | ... | ૧૭ |
| ૭. અધ્યાત્મની પગદંડી | ડૉ. કાન્તિલાલ કાલાણી | | ૧૯ |
| ૮. ચૈત્રી નવરાત્ર | ... | ... | ૨૨ |
| ૯. જ્ઞાનગોષ્ઠિ | ... | ... | ૨૩ |
| ૧૦. બદલી મળી? | ... | ... | ૨૭ |
| ૧૧. કાવ્યપ્રસાદ | 'મુંજ' | ... | ૨૯ |
| ૧૧. સમાચાર | ... | ... | ૩૧ |


* આપનું ૧૯૮૯ના વર્ષનું લવાજમ રીન્યુ કરાવી લેશો.

* પાંચ વર્ષનું એક સામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.




આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દસ**

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧



આધ્યાત્મિક કેડી

જાન્યુઆરી : ૧૯૮૯

□

# લોભ

શાસ્ત્રીજી

માનવીના ષડ્રિપુમાં લોભની પણ ગણના થાય છે. લોભ પણ માનવીનો શત્રુ છે. તેથી તેના સંહાર માટે સાવધ ને સજાગ રહેવાની જરૂર છે. આપણા ભૌતિક–આધ્યાત્મિક જીવનની પ્રગતિમાં ક્યાંક કંટકરૂપ–અન્તરાયરૂપ ન બને તેની કાળજી રાખવાની જરૂર છે.

આપણા વ્યવહારમાં આપણે ઘણીવાર ઘણા માનવીના લોભ તરફ અંગુલિનિર્દેશ કરીએ છીએ. આ લોભ એ શું છે તેને યથાર્થપણે સમજવાનો પ્રયાસ કરી લેવો જરૂરી છે.

લોભ એ પાપનું મૂળ છે અને લોભે લખ્ખણ જાય — એવી ઉક્તિઓ પ્રચલિત છે.

માનવીનો ષડ્રિપુ ગણાતો આ લોભ એ માનવીની ભીતરની જ એક હીન વૃત્તિ છે, જેમાં સ્વાર્થ, અસંતોષ, વિવેકની સમ્પૂર્ણ ગેરહાજરી વગેરે ભળેલાં હોય છે.

લોભ એટલે સન્તોષનો સદંતર અભાવ. પોતાની પાસે હોય તેટલાથી સંતોષ ન માનતાં વધુ ને વધુ ભૌતિક સુખ, સુવિધા, સમૃદ્ધિ મેળવવાની વૃત્તિ તે લોભ. દેખાદેખીથી પણ માનવીમાં લોભ જાગ્રત થાય છે.

માનવી પોતાની જરૂરિયાત કે સગવડ ખાતર ધન અને ચીજવસ્તુઓ સંઘરે તે જરૂરી છે, પણ સંગ્રહવૃત્તિનો અતિરેક લોભનું કારણ બને છે.

માનવીને ધન, વૈભવ, ચીજવસ્તુ મેળવવાની એષણા હોય તે સ્વાભાવિક છે, પણ એ એષણાનું અવિરત પ્રવર્તન થતું રહે છે ત્યારે તે લોભમાં પરિણમે છે.

લોભ અનેક સ્તરે વિહરે છે. નશ્વર દુન્યવી ચીજ માટેનો લોભ નિમ્ન કક્ષાનો છે. વિશેષ જ્ઞાન, મેળવવાનો, વધુ અભ્યાસ કરવાનો કે બીજાઓનું ભલું કરવાનો લોભ ઉન્નત છે.

કોઈ પણ વસ્તુ મેળવવાની પાછળ વિવેક ન હોય, દૃષ્ટિ ન હોય, કેવળ સ્વાર્થ હોય ને તે અનીતિ, અપ્રમાણિક ને અસાત્ત્વિક રૂપે મેળવાતી હોય તો તે હીન પ્રકારનો લોભ છે ને તે જીવનમાં હાનિકારક નીવડે છે.

ધન–પૈસો એ માનવની સૌથી મોટી જરૂરિયાત છે. મનુષ્ય પોતાનો જીવનનિર્વાહ સારી રીતે ચલાવી શકે તેટલું ધન તે મેળવે તે ઇષ્ટ છે, પણ તે ધન તે અનીતિને માર્ગે મેળવે તે ઇષ્ટ નથી.

તે ધનપ્રાપ્તિ માટે અપ્રમાણિકતા અનીતિ આચરે ત્યારે તે લોભનું સ્વરૂપ પામે છે ને મનુષ્યને પતન તરફ લઈ જાય છે. મનુષ્ય યથાયોગ પ્રયત્ન કરી ધનપ્રાપ્તિનો વિનિયોગ પરમાર્થને કાજે, નિઃસહાયની સહાય અર્થે કરે તો તે ધન નિઃસહાય, લાચાર, ગરીબોની દુઆઓથી વધારી બને છે ને માનવીને પણ બનાવે છે.

ઘણીવાર એવી પરિસ્થિતિ સર્જાય છે કે, માણસ પોતાના ધંધામાં જુદી જુદી રીતે લાખો-કરોડો કમાય છે-અલબત્ત પ્રમાણિકતાથી, પરન્તુ કોઈને પણ સહાયરૂપ થવાની ભાવના નથી હોતી. પોતાના જ સગાસમ્બન્ધી, મિત્રો, સ્નેહીઓ અને વર્તુળમાં કોઈક જરૂરિયાતમન્દ વ્યક્તિને, કોઈ વિધવાને, કોઈ ત્યક્તાને ખાવાનાં સાંસા પડતાં હોય, બાળકોને ભણાવવા માટે પણ પૈસા ન હોય, તેવી ગરીબ – નિઃસહાય વ્યક્તિની પરિસ્થિતિ જાણવા-સમજવા છતાં પણ તેને સહાય કરવાની, માણસની જિકર નથી ચાલતી, એવી બુદ્ધિ નથી સૂઝતી, લાખો-કરોડો કમાઈને આવકવેરો ભરી દે છે, પણ પોતાના જ વર્તુળની અસહાય વ્યક્તિને સહાય કરવાનો જીવ ચાલતો નથી. માણસના લોભની આ પરાકાષ્ઠા છે.

વધુ ને વધુ ધનપ્રાપ્તિ કરતી વખતે માણસમાં ધનના સંચયની-સંગ્રહની વૃત્તિનો અતિરેક થાય છે. તે ધન પ્રાપ્ત કરી જાણે છે, પણ તેના ઉપયોગ માટેની સૂઝ તેનામાં નથી હોતી. વિનિયોગની વૃત્તિ બુઠ્ઠી બની ગઈ હોય છે. કદાચ ધન વાપરે તો તે ભાગ્યે જ સાત્ત્વિક માર્ગે વપરાય છે. ધનનો વિનિયોગ અસાત્ત્વિક ને અનિષ્ટ માર્ગે પણ થાય છે. વેશ્યા, જુગાર અને દારૂની લતે પણ ચડી જાય છે. ઘણી વાર મેળવેલું ધન આ માર્ગે ખુવાર પણ થાય છે. તે પોતાના ધન અને જાતની પાયમાલી કરે છે. પાપાચાર કરે છે, માનસિક શાંતિ, સમતુલા, વિવેક ગુમાવતો જાય છે. કુટુમ્બને પણ મુશ્કેલીમાં મૂકી દે છે. ઇજ્જત, આબરૂ, પ્રતિષ્ઠા ગુમાવી દે છે. તેના અહમ્‌ની કોઈ સીમા નથી રહેતી. પૈસાના છાકમાં તે સારો વિચાર કરી શકતો નથી. તેને કુમતિ ને કુમાર્ગ જ સૂઝે છે. કુમતિ અને કુમાર્ગગામી સુખી તો ક્યાંથી હોય? આમ માનવી લોભના શત્રુ વડે હણાય છે.

પૈસાના લોભમાં માનવી ઘણીવાર ઠગારાના હાથમાં ફસાય છે. પૈસા અને દાગીના બમણા કરી આપવાનું કહીને ઠગારા અને ઉઠાઉગીરોના ઘણા માણસો ભોગ બને છે. મારી વ્યક્તિગત મુલાકાત દરમ્યાન એવા ઘણા લોકો આવે છે, જેમણે પૈસા અને દાગીના બમણા કરવાના-કરાવવાના લોભમાં કોઈકને આપ્યા હોય ને તે પછી ઘણો લાંબો સમય વીતવા છતાં પાછા ન મળતા હોય. આમ અભણ ને બેવકૂફ જ નહીં, સુશિક્ષિત ને બુદ્ધિશાળી પણ ફસાય છે. લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે ઉક્તિ પ્રચલિત છે.

કીર્તિ અને સત્તાનો લોભ એ મનુષ્યની ઘણી મોટી નબળાઈ છે. કીર્તિ મેળવવા માટે જાતજાતના નુસખા, નિરર્થક બાબતોનો આશ્રય અને સત્તા મેળવવા વ્યર્થ ફાંફા, ખોટી ખુશામત આચરનારના સ્વમાન અને ગૌરવની ઘણી મોટી હાનિ થાય છે.

મનુષ્યના ભીતરની આવી હીન લાલસાઓ સમ્પૂર્ણપણે ત્યાજ્ય છે, તેમ જ્ઞાન, વિદ્યા, ધર્મ, સંસ્કાર સદ્‌વિચાર અને સદાચારની લાલસાને વિકસાવવા જેવી છે. એ દિશામાંનો લોભ માણસને ઉન્નતિના માર્ગે લઈ જાય છે. ઉચ્ચ માર્ગે વળેલો લોભ સુખકર ને શ્રેયસ્કર નીવડે છે.

મનુષ્યના લોભની બે દિશા છે. એક છે ભૌતિક અને બીજી છે આધ્યાત્મિક. ભૌતિક લોભના પ્રવર્તન વિશે આપણે પરિચય મેળવ્યો. ભૌતિક લોભ માનસિક અશાંતિ, પાપ, વિવેકબુદ્ધિનો અભાવ અને અનેકવિધ આપત્તિઓને-મુશ્કેલીઓને ઘસડી લાવે છે. આધ્યાત્મિકતા તરફનો લોભ એ લોભ ન ગણાય, સિવાય કે એમાં અહમ્ ભળે. આધ્યાત્મિકતા તરફના ઝોકમાં પણ વિનમ્રતા, શ્રદ્ધા ને શરણાગતિ

ભાવ તો જરૂરી છે જ. પોતાની જાતના અને પરના કલ્યાણની વૃત્તિ હોય તો આધ્યાત્મિક લોભ એ લોભ નથી. એ શત્રુનું સ્વરૂપ ધારણ કરી શકતો નથી.

માનવીના શત્રુ–સ્વરૂપ લોભનો પરિચય મેળવ્યો.

એ શત્રુનો સંહાર પણ કરવો પડશે ને!

કેવી રીત?

લોભના શત્રુનો સંહાર કરવા, તેને નિયંત્રણમાં. પોતાના વશમાં રાખવા સૌ પ્રથમ સંતોષ ને સબુરાઈની આવશ્યકતા છે. આપણી પાસે જે કાંઈ છે, આપણને જે કંઈ મળે છે, તેમાં સન્તોષ માણવો તે બહુ મોટી વાત છે. સન્તોષી નર સદા સુખી એમ કહેવાયું છે. જીવનમાં કશું પણ મેળવવા પ્રામાણિક પ્રયત્ન કરવો, સાત્ત્વિક માર્ગ અપનાવવો જરૂરી છે, એમાં કશું અનુચિત નથી, પણ તે માટે અનીતિ, અપ્રામાણિક બનવું યોગ્ય નથી. ધન, કીર્તિ, સત્તા, વૈભવ–કશું પણ પ્રારબ્ધરૂપે જ આવી મળે છે, તે ભૂલવું ન જોઈએ. જીવનની જરૂરિયાતોને વિસ્તૃત કરવાની જરૂર નથી. શક્તિ પ્રમાણે જ ખર્ચ કરવો. અહમનો ત્યાગ કરવો. નિત્ય નિયમિત ઉપાસના, સન્ત સમાગમ ને સત્સંગ કેળવતાં રહેવું. દયાની, પરોપકારની–ઉપયોગની વૃત્તિ કેળવવી.

જીવનની આકાંક્ષા–મહત્ત્વાકાંક્ષાઓની પરિપૂર્તિ અર્થે માતાજી સમક્ષ–ઇષ્ટ સમક્ષ નમ્રભાવે યાચના કરવામાં પણ કશું ખોટું નથી. પરન્તુ એ માટેનો દુરાગ્રહ યોગ્ય નથી.

જીવનને તમામ પ્રકારે સ્વચ્છ, પ્રમાણિક, પવિત્ર, સાત્વિક રાખવા અને બનાવવા માટે વિવેક; સન્તોષ, શ્રદ્ધાનું પ્રવર્તન અને અહમના ત્યાગની આવશ્યકતા છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રે, પ્રત્યેક પગલે પોતાની જાત અને જગતનું બારીક અવલોકન કરીને જીવનવ્યવહાર ચલાવવાનો છે–સજાગ, સાવધ ને સતર્ક બનીને. જીવનમાં સમગ્રલક્ષી સંયમ પણ એ માટે જરૂરી છે. જ્યાં સંયમ, સન્તોષ ને સબુરાઈ હશે ત્યાં શત્રુ પ્રહાર કરતાં ખચકાશે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,

SURAT - 395 002

# કર્મબન્ધન

ઈશ્વર એક જ છે. સૌ મનુષ્યો, સમસ્ત સૃષ્ટિ એ પરમાત્માનું જ સર્જન છે. ન્યાત-જાતના ભેદભાવ તો મનુષ્યે નિર્માણ કર્યા છે. મનુષ્યે પોતાની સગવડ ખાતર વર્ણવ્યવસ્થા કરી હતી. સમસ્ત સૃષ્ટિનો-મનુષ્ય માત્રનો ધર્મ એક ઈશ્વર જ છે. એ ઈશ્વર માટે કોઈ ઉચ્ચ નથી. કોઈ નીચ નથી. જે કોઈ મનુષ્ય શ્રદ્ધાપૂર્વક તેની શરણાગતિ સ્વીકારે છે, અવિરત નામસ્મરણ કરે છે તેવા પર તે પ્રસન્ન થાય જ છે. ઈશ્વરની ભક્તિ આડે ન્યાત-જાતનાં બન્ધનો-ભેદભાવ આવી શકે નહિ.

મનુષ્ય પોતાની આજીવિકા અર્થે ગમે તે વ્યવસાય સ્વીકારે, પણ નિષ્ઠા, પ્રમાણિકતા ને નીતિથી ઈશ્વરના નામસ્મરણના સાતત્ય સાથે પોતાનો વ્યવસાય ધંધો ચાલુ રાખે તે જ ઇષ્ટ છે. આખરે મહત્ત્વ તો વ્યક્તિની શ્રદ્ધાનું-શરણાગતિનું-નામસ્મરણના સાતત્યનું છે.

ઈશ્વરના પ્રખર ભક્તોના જીવનમાં પણ મુશ્કેલીઓ તો આવે જ છે. ઈશ્વર પોતાના પ્રખર ભક્તની પણ કસોટી તો કરે જ ઈશ્વરના પ્રખર ભક્તને પણ તેના ગમે તે ભવના કર્મનું બન્ધન તો નડે જ છે. તેના ગમે તે જન્મના કર્મનું ફળ તેણે ભોગવવું જ પડે છે.

ભક્તનું જીવન તો અભાવોથી ભરેલું જ હોય છે. હું તો હંમેશ કહેતો આવ્યો છું કે ભૌતિક સફળતા-નિષ્ફળતાને ઈશ્વરની ભક્તિ સાથે કોઈ જ સમ્બન્ધ નથી. આ બધાને અન્તે ભક્તને પરમાત્માની અઢળક કૃપા પ્રાપ્ત થાય છે, પ્રભુનાં દર્શન પણ થાય છે. એ જ ભક્તની સૌથી મોટી સફળતા હોઈ શકે, હોવી જોઈએ.

આ હકીકતોના સમર્થન માટે, વાચકોની-ઉપાસકોની સમજ-સન્તોષ ખાતર અત્રે એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે. એમાંથી દરેકને કંઈક ને કંઈક પ્રેરણા, આશા, ઉમંગ ને ઉત્સાહ અવશ્ય પ્રાપ્ત થશે.

સદન નામનો એક કસાઈ હતો. તે પ્રભુનો પરમ ભક્ત હતો. પ્રભુનું નામસ્મરણ સદાય ચાલુ રાખતા. પ્રભુમાં જ હરપળ ચિત્ત જોડી રાખતા. સૌ પ્રત્યે એમને સદ્ભાવ હતો. એ જીવહિંસા કરતા નહિ, પણ માંસ ખરીદીને વેચતા. પેટગુજારા માટે બાપદાદાનો ધંધો કરતા. સંસારમાં રહી કુટુંબીઓનું પાલન-પોષણ કરવાનું દરેક ગૃહસ્થના લલાટે લખાયેલું જ છે. સદનજી માંસ વેચતા પણ હરિના નામની ધૂન ચાલુ રાખતા. પ્રભુને પ્રાપ્ત કરવાની તીવ્ર લગન સદન કસાઈને હૈયે હતી. જેનાં ભવોભવનાં બન્ધન તૂટવાનાં હોય એને જ એ લગની લાગે છે.

ભક્ત સદન જ્યારે પ્રભુ માટે ઝૂરી રહ્યા હતા ત્યારે શ્રી પ્રભુ પોતે શાલિગ્રામના રૂપમાં ભક્તની પાસે જ વિદ્યમાન હતા. માંસ જોખવાનું એક તોલમાપ બની એ ભક્તના ચરણ પાસે જ પડ્યું રહેતું. ભક્તને એવું ભાન નહોતું. પણ ભક્ત જ્યારે માંસ જોખવા એ તોલમાપને ( શાલિગ્રામજીને ) ઉપાડતા ત્યારે ભક્તના હાથનો સ્પર્શ થતાં પ્રભુ શીતળતા અનુભવતા.

એક વખત એક સાધુ સદનની દુકાન પાસેથી પસાર થયા. તેમની નજર શાલિગ્રામ પર પડી. તેમણે સદન પાસે આવી શાલિગ્રામની મૂર્તિની માગણી કરી. સદન કદી કોઈને નારાજ ન કરતા. તેમણે પ્રસન્નતાપૂર્વક મૂર્તિ સાધુને ભેટ આપી દીધી. સાધુ શાલિગ્રામનું મૂલ્ય સમજતા હતા. તેઓ મૂર્તિને પોતાના સ્થાનકે લાવ્યા ને સારા સ્થળે પધરાવી.

એ જ રાતે શાલિગ્રામજીએ સ્વપ્નમાં આવી સાધુને કહ્યું : "તું મને અહીં કેમ લાવ્યો ? મારે તો સદનને ઘેર રહેવું છે. એના વગર મને ક્યાંય ચેન પડતું નથી. એના હાથનો સ્પર્શ થાય છે અને મને શાન્તિ મળે છે. એની પ્રેમાતુર પ્રાર્થનાના શબ્દો હું સાંભળું છું ને હું આનન્દથી નાચી ઊઠું છું. એના કંઠમાંથી 'હરિ' નામનો ધ્વનિ બહાર પડે છે અને હું પરમ મીઠાશ અનુભવું છું. મને એ સદનના સાન્નિધ્યમાં પહોંચાડો તો જ સુખ મળશે, તો જ શાન્તિ મળશે."

સાધુ સીધા સદનને ઘેર પહોંચ્યા. શાલિગ્રામની મૂર્તિ સદનને પાછી સોંપી કહ્યું : "ભક્તરાજ ! તમારું પ્રેમભીનું હૃદય જ આ મૂર્તિનું મન્દિર છે. પ્રભુ એ મન્દિર છોડી બીજે ક્યાંય રહેવા ઇચ્છતા નથી. તમે સદ્ભાગી છો. તમારા ઉપર શ્રી પ્રભુની અપાર કૃપા છે."

ભક્ત સદને જ્યારે આ હકીકત જાણી ત્યારે એ ગળગળા થઈ ગયા. તેમને ખ્યાલ પણ નહોતો કે જેને માંસ જોખવાનું કાટલું માનતા હતા તે સાક્ષાત્ શ્રી વિષ્ણુ ભગવાનની મૂર્તિ છે. મૂર્તિનો માંસ જોખવાના કાર્યમાં ઉપયોગ કરવા માટે સદનને બહુ પસ્તાવો થયો. તેમણે હૃદયપૂર્વક પ્રભુની ક્ષમા માગી.

તેમણે પુરીમાં જઈ શ્રી પ્રભુના ચરણમાં જ વાસ કરવાનો નિશ્ચય કર્યો. પ્રભુ સિવાય તેમને બીજો કોઈ વિચાર નથી. પુરી જવાના માર્ગમાં તે નાચે છે, કૂદે છે. કોઈ આશ્ચર્યથી, તો કોઈ સદ્ભાવથી તેમને જોઈ રહેતું. કોઈ તેમને પાગલ કહેતું. સંસારીઓએ ભક્તને સદાય પાગલ માન્યા છે, પણ આ પાગલપણાનો સ્વાદ જેણે જેણે ચાખ્યો છે તેણે તેણે પુનઃ હોશમાં આવવાનો વિચાર કર્યો નથી.

માર્ગમાં થાકેલા મદનને એક ગૃહસ્થ પોતાને ઘેર લઈ આવ્યા. તેમનો સત્કાર કર્યો.

સદનજી જગન્નાથજીનાં ચરણોમાં પહોંચે તે પહેલાં તો તેમની ભારે કસોટી થવાની હતી. તે કસોટી આ જ પળે આ ગૃહસ્થને જ ઘેર થવાની હતી.

કસોટીની પળ શરૂ થતાં જ ગૃહસ્થની પત્ની કામાસક્ત બની સદનજી પાસે આવી પહોંચી. તેમણે ભક્તને જગાડયા. પુરુષ માત્રને પળમાં પરવશ કરી મૂકે એવી શક્તિ આ સ્ત્રીમાં હતી. પરમાત્માના આ સર્જન સામે ભક્ત નિર્લેપ રહી સદ્ભાવપૂર્વક જોઈ રહ્યા. સદનજીની વિરોધ વગરની મૂક અવસ્થાને સ્ત્રીએ અવળા અર્થમાં ઘટાવી. તે વધુ નજીક સરી, પણ ભક્ત સાવધ હતા. સાવધાની એ જ સાધકની મૂડી છે.

સદનજીએ 'માતા' કહી સ્ત્રીને સંબોધી. વાસનાથી ઘેરાયેલી સ્ત્રીને 'માતા' શબ્દ ખૂંચ્યો. તે માતાનું સંબોધન સાંભળવા અહીં આવી નહોતી. સ્ત્રીએ કામાંધ બની સદનજી સમક્ષ દૂષિત પ્રસ્તાવ મૂક્યો. ભક્ત છળી ઊઠયા. ભક્તે કહ્યું : 'માતાજી ! હું સ્ત્રી માત્રને માતૃરૂપે જોઉં છું. તમને પણ માન્સ્વરૂપે જ જોઉં છું. તમારું સ્થાન તમારા પાત પાસે હોય. કૃપા કરી ત્યાં જાઓ.'

આ સ્ત્રીની વિવેકબુદ્ધિ વાસનાના આવરણથી જડ બની હતી. તેણે માન્યું કે અતિથિ પોતાના પતિની બીકે તેને જાકારો આપે છે. તેણે પતિની હત્યા કરી નાખી. પતિની હત્યા કરી સ્ત્રી ફરી પાછી સદનજી પાસે આવી અને કહેવા લાગી 'હું એનો વધ કરીને આવી છું. હવે કોઈની રોકટોક નથી.' આ સાંભળીને સદનજી ધ્રૂજી ઊઠયા. સ્ત્રી અનેક હાવભાવથી ભક્તને વિનવવા લાગી. પણ સ્ત્રી ફાવી શકી નહિ. પોતાની વાસના અતૃપ્ત રહેતાં સ્ત્રી ભક્તને બદનામ કરવા લાગી. બહાર જઈ એ છાતીફાટ રુદન કરવા લાગી. લોકો ભેગા થયા. તેણે લોકોની વચમાં બોલવા માંડયું : 'આ માણસ દુષ્ટ છે. તેણે મારા પતિની હત્યા કરી અને હવે મારું શિયળ લૂંટવા ચાહે છે.' લોકોએ ભક્તને આંતર્યો. પ્રભુના નામસ્મરણમાં મગ્ન બની ભક્ત ભગવાનની લીલાને જોઈ રહ્યા. સ્વબચાવમાં તેણે એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નહિ.

મામલો કોર્ટે પહોંચ્યો. સ્ત્રીએ ભરી સભામાં ભક્તજીને બદનામ કરતાં કહ્યું : 'આ માણસ મનુષ્યવધ માટે જવાબદાર છે. સ્ત્રીને અનાથ જોઈ પોતાની કામવાસના તૃપ્ત કરવા બળાત્કાર કરે એટલો અધમ છે.' ભક્ત પ્રભુની આ લીલા નિહાળી રહ્યા હતા. ન્યાયાધીશ આ કહેવાતા ગુનેગારના ચહેરા ઉપર નિર્દોષતાની ઝલક જોઈ શકયા હતા. પણ પુરાવાને આધારે અને બચાવના અભાવે તેમણે સદનજીને બન્ને હાથ કોણીથી કાપી નાખવાની સજા ફરમાવી.

ભક્તનો આ કસોટીકાળ હતો. પરાપૂર્વનાં કર્મનાં બન્ધનો છેદવા માટે પ્રભુએ નક્કી કરેલી એ સજા હતી. એ ભોગવ્યા સિવાય છૂટકો નહોતો. સુવર્ણને પણ અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે.

ભક્તના બન્ને હાથ નિર્દયતાથી કાપી નાખવામાં આવ્યા. અસહ્ય વેદના શરૂ થઈ, છતાં ભક્તના ચહેરા ઉપરની સ્વસ્થતા જરા પણ ડગી નહિ.

ઠૂંઠા હાથે સદનજી પુરીના માર્ગે આગળ વધવા લાગ્યા. પેલી સ્ત્રીને વેર લીધાનો સન્તોષ થયો. ભક્ત સદનજી તીવ્ર વેદના ભોગવી રહ્યા છે તેનું દુઃખ ભગવાન સિવાય કોઈને નહોતું. જેનું કોઈ નથી તેના ભગવાન છે.

પ્રભુએ મન્દિરના પૂજારીને સ્વપ્નમાં કહ્યું : 'મારો પરમભક્ત મારા દર્શને આવી રહ્યો છે. એના હાથ કપાયેલા છે. તે અકથ્ય વેદના અનુભવી રહ્યો છે. પાલખી લઈ તેને તેડી આવો. એનું સ્વાગત કરો. વિલંબ કરો નહિ.'

પૂજારી ભક્તનું સ્વાગત કરવા દોડયો. થયેલી આજ્ઞા પ્રમાણે, મળેલી નિશાની પ્રમાણે પૂજારીએ સદનજીને શોધી કાઢયા. પૂજારી ભક્તના ચરણમાં ઝૂકી પડયો, ને પાલખીમાં બિરાજવાનું કહ્યું ત્યારે સદનજી સ્તબ્ધ બની ગયા. તેમણે કહ્યું : 'ભાઈ, હું તો એક સામાન્ય માનવી છું. જાતનો કસાઈ છું. મારું સ્વાગત ન હોય.'

પૂજારીએ આદરથી કહ્યું : 'ભક્તરાજ ! પ્રભુને આંગણે જાતિની ઝંઝટ નથી. ત્યાં હૃદયની મહત્તાનાં જ મૂલ્ય છે. આપ આ પાલખીમાં બિરાજો. જગન્નાથજી આતુરતાઈથી આપની રાહ જુએ છે.'

ભક્ત ગદ્‌ગદિત થઈ ગયા. મન્દિરે પહોંચી સદનજી જગન્નાથજીના ચરણમાં ભાવથી ભેટી પડયા. ગર્ભદ્વારને ઉંબરે આંસુનો અભિષેક કર્યો. જન્મજન્માન્તરના દોષની ક્ષમા માગી. પ્રભુના આશીર્વાદ યાચ્યા. પ્રભુ મન્દ મન્દ હસી રહ્યા હતા. ભક્તનું દર્શન પ્રભુને પરમ પ્યારું છે. અનેક યાતનાઓને તૃણવત્ ગણી પોતાની પાસે આવેલા ભક્તને મળતાં પ્રભુને પરમ આનન્દ થયો.

દર્શન થતાં જ સદનજીના કપાયેલા બન્ને હાથ પૂર્વવત્ બની ગયા. વેદના અદૃશ્ય થઈ ગઈ. સૌ આ દૃશ્ય જોઈ અવાક્ બની ગયા.

હવે સદનજી જગન્નાથજીના મંદિરમાં જ રહે છે. પ્રભુનાં દર્શન કરી પ્રત્યેક પળ પ્રભુધ્યાનમાં ગાળે છે. એની બધી જવાબદારી, ચિંતા, ઉપાધિ પ્રભુએ પોતે સંભાળી લીધી છે. છતાં એના અન્તરમાં એક શંકા તો હતી જ; પ્રભુની આ અપાર કૃપા છતાં હાથ કપાવાનો પ્રસંગ કેમ ઉપસ્થિત થયો ?

પ્રભુએ સાક્ષાત્ દર્શન આપી કહ્યું : 'સદનજી ! પ્રત્યેક મનુષ્યને પોતાના આ જન્મનાં કે પૂર્વભવનાં કર્મફળ ભોગવવાં જ પડે છે. તમે એમાં અપવાદ કેમ હોઈ શકો ? ગયા જન્મમાં તમે કાશીના એક મહાપંડિત હતા. સદાચારી બ્રાહ્મણ હતા. એક વખત એક ગાય કસાઈવાડેથી ભાગી હતી. કસાઈ ગાયની પાછળ પડયો હતો. તમને આવતા જોઈ કસાઈએ એ ગાયને પકડવા બૂમ મારી. તમે ગાયને રોકી

લીધી. પછી કસાઈએ ગાયને પકડી કસાઈવાડે જઈ કાપી નાખી. પેલી ગાય આ જન્મમાં સ્ત્રી બની હતી. કસાઈ એનો પતિ બન્યો હતો. સ્ત્રીએ પતિને, (ગાયે કસાઈને) આ જન્મમાં કાપી નાખ્યો અને તમે બન્ને હાથે ગાયને પકડી કસાઈને સોંપી હતી એટલે તમારા હાથ કપાયા. તમારા કરેલા દુષ્કૃત્યનો આ દંડ હતો. એ ભોગવવો જરૂરી હતો, પાપના નાશ માટે! હવે તમે મુક્ત છો. તમારાં કર્મોનો હિસાબ ચૂકતે થઈ ગયો છે.'

સદનજીની શંકા નિર્મૂળ બની. પ્રભુનું દરેક કૃત્ય માનવીના હિતમાં છે એ સદનજીની શ્રદ્ધા દૃઢ થઈ. બાકીનું જીવન પુરીમાં રહી, પ્રભુસેવામાં ગાળી આખરે પ્રભુના ધામમાં પહોંચી ગયા.

આમ મનુષ્યના કર્મની ગતિ ઘણી ગહન અને અકળ છે. આપણી મુશ્કેલીઓ–આપત્તિઓ દુઃખ-દર્દો આપણાં જ કર્મોનાં ફળ છે. એ ભોગવ્યા વિના છૂટકો નથી. આથી બને તેટલી સહનશીલતા કેળવી ઇષ્ટની ઉપાસનામાં જેટલા નિમગ્ન રહીશું એટલો આપણને ફાયદો થશે. આપણી ભૌતિક સફળતા–નિષ્ફળતા આપણાં જ કર્મોનું પરિણામ હોઈ ઈશ્વરની ઉપાસના સાથે તેને કોઈ સંબંધ નથી એ હકીકત સ્પષ્ટ થઈ હશે.

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેક્ટરી : ૪૨૧૫૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

ડોકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેક્ટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સૂરત-૧

# ઉપાસકની અવદશા

હું નોકરી કરતો હતો ત્યારની આ વાત છે.

એક સવારે હું મારી પૂજામાં વ્યસ્ત હતો. માળાનો દોર એકધારો ચાલતો હતો, ત્યાં મને સંકેત થયો કે મારા એક પરિચિત મનસુખભાઈ મોટર-બંગલાના માલિક બન્યા છે અને હવે ભાગીદારીમાં પાવરલૂમની ફેક્ટરી નાખી રહ્યા છે.

મને એકદમ મનસુખભાઈને મળવાની ઇચ્છા થઈ આવી. છેલ્લા ઘણા વખતથી તેમને બિલકુલ મળવાનું થતું નહોતું. પહેલાં તો ઑફિસે જતાં અવશ્ય તેમને મળવાનું થતું. પણ મારી ઑફિસ બદલાઈ ત્યારથી તેમને મળવાનું થતું નહિ. મનસુખભાઈ દરરોજ જે બસ સ્ટેન્ડથી બેસતા ત્યાં મેં સ્કુટર લઈ ચક્કર માર્યું, પણ તેમનો ભેટો થયો નહિ.

બરાબર આઠ દિવસ પછી તેઓ જ સામેથી આવ્યા. થોડી વાતચીત પછી મેં તેમને મને થયેલા સંકેતની વાત કરી. તેમણે કહ્યું, 'આ વાત તદ્દન સાચી છે. મને મારા દલાલીના ધંધામાં સારો ફાયદો થયો છે, અને હવે ભાગીદારીમાં પાવરલુમની ફેક્ટરી નાખવાનું વિચારું છું, એ માટે આપની આશિષ લેવા જ આજે આવ્યો છું.'

મેં કહ્યું, 'આશીર્વાદ તો માતાજીના. જુઓ, તમારી ઑફિસમાં માતાજીની છબી રાખશો અને એની સામે ઘીનો દીવો કે અગરબત્તી કરવાનું ભૂલશો નહિ.'

ફેક્ટરી નંખાયા પછી પહેલા જ વર્ષમાં સારો એવો નફો થયો. મનસુખલાલ હતા તેથી વધુ સમૃદ્ધ થયા. તેઓ મને અવારનવાર મળતા ત્યારે હું તેમને એક જ વાત કહેતો કે, 'મનસુખભાઈ, આ બધાં ભૌતિક સુખોની વચ્ચે તમારો અસલ સ્વભાવ ખોઈ ન બેસતા. લક્ષ્મી તમને ધર્મને રસ્તેથી ચળાવે નહીં એની ખબર રાખજો ને એ માટે મા ગાયત્રીની કૃપા યાચ્યા કરજો.'

આમ કરતાં વર્ષો વીતતાં ચાલ્યાં. એક દિવસ અચાનક મનસુખલાલ સવારના પહોરમાં આવી પહોંચ્યા. સદાયના હસમુખા મનસુખલાલની સૂરત આજે ખૂબ ઉદાસ હતી. મેં તેમને ઉદાસીનું કારણ પૂછ્યું. તેમણે કહ્યું, 'મા ગાયત્રી ઉપરથી જ શ્રદ્ધા ઊઠી જાય એવું બનવા માંડ્યું છે. જેમ જેમ તેમની વધારે ને વધારે ભક્તિ કરતા જઈએ છીએ તેમ તેમ વધારે ને વધારે હેરાન થઈએ છીએ.'

હકીકતમાં તેમને ઘણી મોટી આર્થિક ખોટ ગઈ હતી. મેં તેમને શાંત પાડી ધીરજ બંધાવતાં કહ્યું, 'મનસુખભાઈ, આ બધી ભૌતિક સફળતા-નિષ્ફળતા સાથે આધ્યાત્મિકતાને કોઈ સંબંધ નથી. આ દિવસો પણ વીતી જશે. સુખ-દુઃખ બેઉ ચંચળ છે. અચળ રાખવાની કેવળ આપણી ભક્તિ.'

મનસુખભાઈ કહે, 'શાસ્ત્રીજી, આમાંથી બચવાનો કોઈ રસ્તો શોધી આપો.'

'ચાર દિવસ પછી આવજો. માતાજી તમારે માટે કોઈ સંકેત મને આપશે તો હું તમને જણાવીશ.' આવી હૈયાધારણ આપી મેં તેમને વિદાય કર્યા.

મનસુખલાલ ગયા પછી હું ઊંડા વિચારમાં ડૂબી ગયો. મારા મનમાં રહી રહીને એક પ્રશ્ન ઊઠતો હતો કે, 'મા, તારા ભક્તની આવી અવદશા શાથી?' મનસુખલાલ ઘણાં બધાં વર્ષોથી ગાયત્રીની ઉપાસના કરતા હતા, તે મારાથી અજાણ્યું નહોતું, તેથી જ મારા મનમાં આ પ્રશ્ન તીવ્ર દુઃખ ઉત્પન્ન કરતો હતો.

બીજે દિવસે રાત્રે મને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મેં મનસુખલાલની ઑફિસ જોઈ. મનસુખલાલ અને તેમના બીજા ત્રણ મિત્રો મહેફિલની મોજ માણી રહ્યા હતા. વાનગીઓમાં શરાબ વગેરે ટેબલ પર પડેલાં હતાં. એક પછી એક દારૂની પ્યાલીઓ ઊડે છે. સૌ મસ્ત છે. સામે જ મા ગાયત્રીની છબી ભીંત પર લટકી રહી છે. ચારમાંનો એક, જે નશામાં સખ્ત ચકચૂર છે, તે પ્યાલીમાં શરાબ રેડી માતાજીના ફોટા સામે ધરે છે અને કહે છે, 'તું બી પી મા, અમારી સાથે તું પણ પી.' આ દૃશ્ય દેખાતાં જ હું ચમકી ઊઠયો. પરસેવે રેબ-ઝેબ થઈ ગયો. મને એકદમ મનસુખલાલ પર ગુસ્સો આવ્યો. રાત માંડ બે પહોર વીતી હતી. મારી ઊંઘ ઊડી ગઈ. મારા મનમાં વારંવાર એક જ વિચાર ઉદ્ભવતો હતો કે અરેરે! માએ સાધનસંપન્ન કર્યા, તે શું આવાં કૃત્યો કરવા માટે? વિચારમાં ને વિચારમાં સવાર થઈ ગઈ.

ચોથા દિવસે મનસુભાઈ મારે ત્યાં આવી પહોંચ્યા. તેમના પર નજર પડતાં જ મને એકદમ ગુસ્સો ચડયો. મારાથી ઉગ્ર સ્વરે બોલાઈ ગયું, 'મનસુખલાલ, મા ગાયત્રીનું આવું અપમાન? આવી તમારી વર્તણૂક અને આવું અધઃપતન?' મનસુખલાલ તો મૂક બની સાંભળી રહ્યા. તેમને તો કશો ખ્યાલ આવે જ નહિ. મેં મારી જાતને તરત કાબૂમાં લઈ લીધી અને પછી મારા સ્વપ્નની વાત વિગતે મનસુખલાલને કહી. તેમણે કહ્યું, 'જે થયું તે થયું', પણ હવે કાંઈક રસ્તો કાઢી આપો.'

મેં મનસુખભાઈના હાથમાં જળ લેવડાવતાં કહ્યું, 'પ્રતિજ્ઞા કરો કે હવે પછી કદી દારૂને હાથ નહીં અડાડું.' મનસુખલાલે આંખમાં આંસુ સાથે જળ મૂકયું.

ત્યાર પછી મેં તેમને કેટલીક સૂચનાઓ આપી. મનસુખલાલે તાબડતોબ પોતાની ઑફિસની કેબિન બદલી નાંખી અને એ નવી કેબીનમાં નવેસરથી ગાયત્રી માતાની છબીની સ્થાપના કરી.

ધીમે ધીમે મનસુખલાલની પરિસ્થિતિ બદલાવા લાગી. પહેલાં હતી તેવી જ સ્થિતિએ તેઓ પહોંચી ગયા ને પવિત્રતાથી જીવન ગાળવા લાગ્યા.

માનવી માતાજીને–પરમતત્ત્વને–આશ્રયે જાય છે ત્યારે ઈશ્વર શરણાગતને તમામ સુખસમૃદ્ધિથી સભર બનાવી દે છે, પણ પવિત્રતા ને પ્રામાણિકતા વિના લક્ષ્મી–શ્રી–સમૃદ્ધિ ટકતી નથી. લક્ષ્મી ચંચળ છે. એને ટકાવવા સમૃદ્ધિના વિનિયોગની દૃષ્ટિ–વિવેક, પવિત્રતા ને પ્રમાણિકતા અનિવાર્ય ને આવશ્યક છે.

□

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'


ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....

શાસ્ત્રીજીના જન્મદિવસની એ વાત છે. અમે કેટલાંક ભાઈબહેનો ભક્તોને પ્રસાદ પીરસવામાં વ્યસ્ત હતાં, ત્યાં જ એક ભાઈએ ટહુકો કર્યો, 'બહેન! મારે જરા તમારું કામ છે. બે મિનિટ આપશો?'

મેં તે ભાઈની સામે જોયું. શારદાબહેનના દીકરા બોલાવી રહ્યા હતા. શારદાબહેન અને તેમનો સમગ્ર પરિવાર ફૂલ વેચવાનો ધંધો કરે છે. તેઓ દરરોજ નિયમિત ગુરુદેવનાં દર્શને આવતાં ભક્તો માટે ગુરુદેવને અર્પણ કરવા ગુલાબ-મોગરાનાં ફૂલો લઈ આવે છે. આજે ગુરુદેવના જન્મદિવસે પણ ગુરુદેવ માટે પુષ્પો લઈને ક્યારના આવીને બેસી ગયા હતા. સવારના સાડા સાતેકના સુમારે કૂટિર તદ્દન નિઃશબ્દ ને નિર્જન હતી. ત્યાં જ કૂટિરના કમ્પાઉન્ડમાં તેમની રીક્ષા પ્રવેશી. ફૂલોનો ઢગ રીક્ષામાંથી ઉતારી તેમના પરિવાર અને સાથીઓએ ગુરુદેવની બેઠક અને આખી કૂટિર આસોપાલવથી આચ્છાદિત કરી દીધી. ગુરુદેવ પ્રત્યેના પ્રેમથી આસોપાલવનાં તોરણો ઝૂમી ઊઠયાં હતાં.

શારદાબહેનના દીકરાએ બોલવતાં તત્ક્ષણ જ હું કુતૂહલથી તેમની પાસે ગઈ. અમે એક બાજુ પર ઊભા રહ્યા. તેમણે પોતાનો એક અનુભવ વર્ણવ્યો તે ગુરુદેવની અને ભક્તો માટે જરૂર પડચે



ક્ષણના ય વિલંબ વિના દોડી જતી માની કૃપા અને વાત્સલ્યને અભિવ્યક્ત કરતો હોઈ અત્રે રજૂ કરું છું.

ભાઈશ્રીએ પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે,

"અમે છેલ્લાં વીસ વર્ષોથી માળાનો–ફૂલનો ધંધો કરીએ છીએ. અમારો રોજનો નિયમ છે કે અમારા તમામ ગ્રાહકોને ઘેર જાતે જઈને તેમની પૂજા માટેનાં ફૂલો પહોંચાડવાં. અમારા ધંધામાં અમે ક્યારેય અપ્રમાણિકતા કે અનીતિ આચરી નથી.

ચાર–પાંચ દિવસ પરની જ વાત છે. અમારા એક ગ્રાહક પોલીસ ઇન્સ્પેક્ટર છે. તેમનું શર્ટ ઘરમાંથી ચોરાઈ ગયું હતું હું દરરોજ તેમને ત્યાં ફૂલ આપવા જાઉં એટલે તેમને મારા પર શક પડયો. મને બોલાવી કહે કે મારું શર્ટ ચોરાઈ ગયું છે. તમે જ એ ચોરી ગયા છો. હું તમને પોલીસ-માં સોંપી દઈશ. હું એકદમ ધ્રૂજી ઊઠયો. મારા પર આ અચાનક ચોરીનું આળ ક્યાંથી આવી ચડયું! મેં તેમને નમ્રતાથી કહ્યું કે, 'સાહેબ! મેં તમારું શર્ટ લીધું જ નથી.' મને કહે, 'મારે બધે જોવડાવવું છે કે શર્ટ કોણે ચોર્યું છે. મને પૂરી ખાતરી છે કે, સવારમાં તમે જ ફૂલ આપવા આવો છો તેથી તમે જ ચોરી ગયા છો. હું જ્યાં લઈ જાઉં ત્યાં તમારે આવવું પડશે.' મેં કહ્યું, 'તમે જ્યાં કહેશો ત્યાં હું આવીશ. પણ હું સોગન્દપૂર્વક કહું છું કે, તમારું શર્ટ મેં નથી લીધું.' મેં તેમને ઘણી આજીજી કરી, કાકલૂદી કરી પણ તેઓ માન્યા નહિ.

હું ઘેર આવ્યો. મારી બાને મેં બધી વાત કરી. બા કહે, 'આપણે તો માતાજી સિવાય કોઈનો આશરો નથી. તે બધું જ જાણે છે. તું માતાજી પાસે બેસ અને તેમને જ બધી વાત કર.' હું માતાજી-ની છબી સામે બેઠો. બે હાથ જોડી રડી પડયો. ગાયત્રી મન્ત્રની એક માળા કરી. પણ મારું દિલ ખૂબ બેચેન હતું. વીસ વર્ષોના ધંધામાં અમે ક્યારેય કોઈએ અપ્રામાણિકતા નથી આચરી ને આજે મારા પર શર્ટની ચોરીનું આળ ક્યાંથી? આ એક જ પ્રશ્ન મારા મનમાં ઘોળાતો હતો.

બીજે દિવસે અમારા એ પોલીસ ઇન્સ્પેક્ટર ગ્રાહકના સ્વપ્નામાં માતાજી આવ્યાં અને કહ્યું કે, 'તારું શર્ટ ચોરનાર આ ભાઈ નથી. તારું શર્ટ તને મળી જશે...'

બીજે જ દિવસે તેમનું શર્ટ તો મળી ગયું, પણ તેમાંથી પૈસા ચોરાઈ ગયા હતા.

પેલા પોલીસ ઇન્સ્પેક્ટર ગ્રાહક સામેથી મને મળવા આવ્યા. મારી ક્ષમા માગી. કહે, 'તમારાં ક્યાં માતાજી છે? મને સ્વપ્નમાં આવી આ પ્રમાણે કહ્યું. હું તમારી માફી માગું છું.'

મેં કહ્યું, 'ભાઈ! હું તો ગાયત્રી માના જપ કરું છું. અમે છેલ્લાં વીસ વર્ષોથી ફૂલનો ધંધો કરીએ છીએ, પણ અમારા ધંધામાં અમે કદી અપ્રમાણિકતા નથી કરી. ને તમે આજ અચાનક મને કહી બેઠા કે મારું શર્ટ તમે ચોરી લીધું છે, તેથી આઘાત ને આશ્ચર્યથી મેં માતાજીને પ્રાર્થના કરી. માતાજીએ મારી પ્રાર્થના સાંભળી.'

આ સમગ્ર પ્રસંગ વર્ણવતાં તેમની આંખોના ખૂણાઓ અશ્રુબિન્દુઓથી ભીના થઈ ગયા હતા.

□

# સત્યની પ્રતીતિ

**શાસ્ત્રીજી**

ભારતીય સંસ્કૃતિમાં સત્યનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. સમસ્ત ભારતીય સંસ્કૃતિ સત્યનો આવિષ્કાર છે. તેમાં સત્યની પ્રતિષ્ઠા અનેકવિધ રીતે કરવામાં આવી છે. તે સત્યના તેજથી ઉજ્જવળ છે. સમગ્ર વિશ્વમાં તેનું અદકેરું સ્થાન છે.

આપણા જીવનવ્યવહારમાં સત્યનો ઉલ્લેખ અવારનવાર કરવામાં આવે છે. આ સત્યને સમજવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ.

જુદા જુદા સન્દર્ભમાં સત્યના જુદા જુદા અર્થો થાય છે, તેમ જ તેના સન્દર્ભ પ્રમાણે જુદાં જુદાં પરિમાણ ને પરિણામ આવે છે. મારી દૃષ્ટિએ —

સત્ય એટલે સાચું.
સત્ય એટલે પરમ તત્ત્વ
સત્ય એટલે ધર્મ.
સત્ય એટલે જવાબદારી.
સત્ય એટલે નિષ્ઠા.
સત્ય એટલે પવિત્રતા ને સાત્ત્વિકતા.

સત્ય–સાચું બોલવાની શિખામણ આપણને બાળપણથી જ આપણા માતા–પિતા અને વડીલો પાસેથી મળે છે.

સત્યં વદ પ્રિયં વદ એ ઉક્તિ પ્રચલિત છે.

મારા સ્વાનુભવ–માતાજીની કૃપા–પ્રેરણાના આધારે મને એટલી પ્રતીતિ થઈ છે કે, મનુષ્યે જીવનમાં સત્યની પ્રતિષ્ઠા અવશ્ય કરવી જોઈએ.

મનુષ્યનાં આચાર–વિચાર અને વાણીવર્તનમાં સત્યની પ્રતિષ્ઠા થયેલી હોવી જોઈએ. જીવનમાં સત્યને વળગી રહેવાનો આગ્રહ પણ જરૂરી છે.

આ સત્ય એક એવું પ્રબળ ને પ્રખર તત્ત્વ છે, જે સનાતન બની સમસ્ત વિશ્વમાં વિહરી રહે છે. જીવનમાં સત્યની સત્તા, પ્રતિષ્ઠા, આશ્રય ને આગ્રહ સેવનાર સરવાળે સુખ, શાંતિ ને સ્વસ્થતા અવશ્ય પ્રાપ્ત કરે છે. તેમ કરતાં તેણે જીવનમાં એક જંગ ખેલવો પડે છે, મુશ્કેલીઓ–આપત્તિઓ વેઠવી પડે છે. તેમ છતાં આખરે સત્યની સત્તાનો વિજય થાય છે.

મારી ઉપાસના દ્વારા જીવનમાં મને કશું પણ પ્રાપ્ત કરવાની ખેવના નહોતી. મેં કશું માંગ્યું નહોતું. મારે કશું જોઈતું નહોતું. માતાજીના દર્શન સુદ્ધાંની મને અપેક્ષા નહોતી. માતાજી મને સાક્ષાત્કાર કરાવી લોકસેવાનો આદેશ આપશે તેવી કલ્પના સુદ્ધાં નહોતી. પણ એ બનીને રહ્યું. ઈ. સ. ૧૯૭૫માં માતાજીએ પ્રથમ વાર વ્યક્તિગત મુલાકાત દ્વારા લોકોની સેવા કરવાનો આદેશ આપ્યો. મેં તે નત–મસ્તકે સ્વીકારી લીધો. તેમના આદેશ પ્રમાણે મેં કાર્ય શરૂ કર્યું – નોકરીની સાથે સાથે જ.

ધીમે ધીમે મુલાકાતીઓની સંખ્યા વધવા લાગી. માતાજીની શક્તિ ને પ્રેરણા દ્વારા લોકોનાં દર્દો મુશ્કેલીઓ-મૂંઝવણો દૂર કરવામાં મને આનન્દ આવવા લાગ્યો.

ઈ. સ. ૧૯૭૬માં મેં મારી નોકરીમાંથી નિવૃત્ત થવાનો વિચાર કર્યો. અચાનક માતાજીએ મને નોકરીમાં રાજીનામું આપવાનો આદેશ આપ્યો. માતાજીના આદેશને હંમેશ અનુસરતાં મેં તે પ્રમાણે કર્યું. પરન્તુ પત્ની, બાળકો, કુટુંબની જવાબદારી મારે માથે હતી. મને થોડીક ચિન્તા પણ હતી. પણ માતાજીના આદેશને હંમેશ સર્વોપરિ અને આખરી માનતો તેથી માતાજીના શરણે નિશ્ચિંત થવાનો પ્રયત્ન કર્યો.

નોકરીમાંથી રાજીનામું આપ્યા પછી વ્યક્તિગત મુલાકાત માટે મેં સ્થળ ને સમય નક્કી કરી લીધાં તેની આગલી મધ્યરાત્રીએ માતાજીએ પ્રથમવાર સાક્ષાત્કાર કરાવી કાર્ય માટે સ્વયં વરદ હસ્તે આશીર્વાદ આપ્યા અને અન્તે જણાવ્યું : તું નોકરીની ચિન્તા કરતો નહિ.

મેં જ્યારે માતાજીના આદેશથી આ કાર્ય શરૂ કર્યું ત્યારે ઘણાએ આ કાર્ય પ્રત્યે અણગમો દર્શાવ્યો હતો. કેટલાકે અનિચ્છા દર્શાવી હતી, તો કેટલાક એવું કહેનાર પણ હતા કે, તું સીધો સીધો નોકરી કર, નહિ તો બૈરી-છોકરાં રખડી જશે. તેમની વાત તેમની દૃષ્ટિએ સાચી હતી પણ સત્ય તો એ હતું કે, માતાજીએ મને લોકસેવાનો આદેશ આપ્યો હતો, માતાજીએ મને શક્તિ આપી હતી. તે વેળા મારા જીવનનું સત્ય તો માતાજીનો આદેશ-માતાજી સ્વયં હતાં અને મારે તેમને અનુસરવું એ જ મારું સત્ય હતું, એ જ મારું આચરણ હતું. એ જ મારી ફરજ હતી, એ જ મારો ધર્મ હતો.

માતાજીએ મારા રહ્યા-સહ્યા અહંકારને પણ વિદારી દીધો હતો ને સત્યનું દર્શન કરવાની મારામાં સૂઝ ને સમજ જગાડયાં હતાં.

આમ સત્ય એ જીવનનું-જીવનની દિશાનું, ધ્યેયનું નિર્ણાયક તત્ત્વ છે, બળ છે. જીવનમાં સાત્ત્વિકતા અને પ્રમાણિકતા હોય તો સત્યનું દર્શન કરવાની તાકાત મળે છે. જીવનમાં સત્યની પ્રતીતિ પ્રાપ્ત કર્યા પછી ભાગ્યે જ કશું અશક્ય ને અસંભવ રહે છે. ધારો કે કશું પણ અશક્ય ને અસંભવ રહે તો પણ તે અશક્યતા ને અસંભવિતતા જીવનનાં સત્ત્વને, શાંતિને, સ્વસ્થતાને હણી શકતી નથી. કારણ સત્ય તત્ત્વની પ્રાપ્તિ થઈ ચૂકી હોય છે.

જીવનમાં સત્ય તત્ત્વની પ્રાપ્તિ માટે ધીરજ ને સહનશીલતા આવશ્યક અને અનિવાર્ય છે. સત્ય પ્રાપ્તિની એ પ્રમુખ શરત છે. સત્યની પ્રાપ્તિ માટે ઘણો સંઘર્ષ કરવો પડે છે, સંઘર્ષ કરતાં કરતાં જ્યારે સત્ય લાધે છે ત્યારે તેને અનુસરવા, તેનું આચરણ કરવા, તેને વળગી રહેવા પણ સંઘર્ષ કરવો પડે છે. એ માટે ખમીર જોઈએ.

સંઘર્ષને અન્તે લાધેલા સત્યના આચરણ માટે નિડર બનવું પડે છે. આવનાર વિપત્તિઓથી ડરવું ન જોઈએ. આત્મપ્રતીતિરૂપે પ્રાપ્ત થયેલા સત્યના આચરણમાં કોઈનો સાથ ન મળે તો મુંઝાવાની જરૂર નથી. કારણ એ સત્ય પરમાત્માને પ્રિય છે. સત્યના આચરણને હરહંમેશ પરમાત્માનો સાથ-સહકાર મળી રહે છે તે અવશ્ય યાદ રાખીએ. એવા સત્યના આચરણમાં સગા-સમ્બન્ધી-મિત્રો-સ્નેહીઓ વિમુખ બની જાય તો પણ ગભરાઈએ નહિ. તેમને પણ આપણા સત્યની-આપણા આચરણની પ્રતીતિ થવા દો. ધીરજ રાખો-સહનશીલ બનો. એક દિવસ તેઓ જરૂર સ્નેહપૂર્વક મૈત્રીનો નાતો અવશ્ય જોડશે.

સત્યની પ્રાપ્તિ અને પ્રતીતિ એ એક પ્રલમ્બ પ્રક્રિયા છે. એમાં જિગર તવાય છે, ટિપાય છે, વલોવાય છે, તલવારની ધાર પર ચાલવાનો એ માર્ગ છે, ખાંડણિયામાં માથું મૂકીને ખંડાવું પડે છે,

જીવનના ઘણા સુખોનો ભોગ આપી દેવો પડે છે. એ સર્વને અન્તે જે સત્ય લાધે છે તેનું સુખ અદ્વિતીય, અપૂર્વ અને અનેરું હોય છે.

સત્યમાં પ્રીતિ અને આગ્રહ મનુષ્યને તેના જીવનમાં પ્રગતિની દિશા તરફ લઈ જાય છે. તેને સુખ, શાંતિ ને સ્વસ્થતા સંપડાવી આપે છે. સમાજમાં તેને સન્માનના અધિકારી બનાવે છે. તે સૌનો વિશ્વાસ પ્રાપ્ત કરે છે ને પ્રીતિપાત્ર બને છે. સત્યના આશ્રયે, સત્યના આગ્રહથી, સત્યમાં પ્રીતિ સેવનાર, સત્યવાદી અને સત્યવાનના વ્યક્તિત્વમાં એક પ્રકારના તેજની આભા અને અન્તરની નિખાલસતા જોવા મળે છે. અન્તરની નિખાલસતા જ મારે મતે માનવીને સત્યની પ્રાપ્તિ અને પ્રતીતિ કરાવી આપે છે.

માનવીના જીવનનું સત્ય એ છે કે, તે જે પરિસ્થિતિમાં જીવી રહ્યો છે, તેમાંથી પ્રમાણિકતાથી, નીતિથી પસાર થયું, તેનો ઉકેલ મેળવવો.

બીજું સત્ય એ છે કે, તેણે કદી જીવનમાં પ્રમાણિકતા, નીતિ, પવિત્રતા ને સાત્ત્વિકતાનો પરિહાર કરવો–કોઈ પણ ભોગે નહિ.

ત્રીજું સત્ય એ છે કે, તેણે કદી પણ પોતાની જવાબદારીથી વિમુખ થવું નહિ. સમ્પૂર્ણ પ્રેમ અને નિષ્ઠાથી જવાબદારીઓ નિભાવવી.

ચોથું સત્ય એ છે કે આચાર, વિચાર, વાણી, વર્તનને સાત્ત્વિક ને ઉન્નત બનાવવા સદ્ગ્રંથોનું વાચન ને સત્સંગ કરવાં. મનને કદી હીન વિચારો અને વૃત્તિઓમાં, નિરાશા ને હતાશામાં ધસડવા દેવું નહિ. જીવનમાં હંમેશ હકારાત્મક અભિગમ કેળવવો.

પાંચમું સત્ય એ છે કે પરમતત્ત્વની–પરમાત્માની શક્તિનો સ્વીકાર કરવો. તેની સમ્પૂર્ણ શ્રદ્ધાથી શરણાગતિ સ્વીકારવી. તેની સ્મૃતિને સતેજ બનાવી રાખવી.

જીવનમાં આપણે સત્ય–સાત્વિક અભિગમ ધરાવતાં હોઈએ તો પરમતત્ત્વની શક્તિનો સાથ–સહકાર–સહાય અવશ્ય મળવાના જ છે. માનવીના સત્ય ને સાત્ત્વિક અભિગમને હમેશાં પરમતત્ત્વની સત્તા અને શક્તિનો આધાર અવશ્ય સાંપડે જ છે, તે કદી ભૂલવું જોઈએ નહિ. કારણ ઈશ્વર સ્વયં એક શક્તિ છે, સત્ય છે. તેજ–પ્રકાશ છે. ઈશ્વરની સત્તા આખરી સત્ય છે. એથી ઉપર કશું જ નથી. ઈશ્વર શક્તિ અને શક્તિવાન બન્ને છે. એની શક્તિ વડે સત્યનો આગ્રહ ને અભિગમ સેવી જીવનમાં ઝઝૂમતાં રહીશું તો એનાં સુફળ અવશ્ય ચાખવા મળશે જ એમાં સંશય નથી.

આધ્યાત્મિકતાના અભીપ્સુઓ–ઉપાસનાના ઉત્સુકો માટે સત્યનો માર્ગ શ્રેયસ્કર છે. આત્માના વિકાસ માટે, પરમ જ્યોતિના દર્શન માટે સત્ય અનિવાર્ય ને આવશ્યક છે. સત્યપ્રીતિ, સત્યનો અભિગમ, આગ્રહ, સત્યપ્રાપ્તિ અને સત્યપ્રતીતિ આત્મવિકાસની ક્રમિક અવસ્થાઓ છે. સત્યતત્ત્વના આશ્રયે જ જીવનમાં સત્યની પ્રાપ્તિ થાય છે. સત્યનો આગ્રહી જ તેવો અભિગમ ધરાવી શકે છે જેને સત્યની પ્રતીતિ થઈ તેને માટે બીજું કશું પ્રાપ્ત કરવાનું રહેતું નથી અર્થાત્ તેને નશ્વર કોઈ ચીજની–આશ્રયની–આવશ્યકતા રહેતી નથી. સત્યના પન્થે જનાર કોઈ ભુલભુલામણીમાં ફસાતો નથી. તે પોતાના ઇપ્સિત ધ્યેય તરફ ત્વરાથી પ્રગતિ કરી શકે છે, જીવનના લક્ષ્યને પામી શકે છે.

સત્ય સનાતન તત્ત્વ છે. તે દરેક માટે અનિવાર્ય ને આવશ્યક માનું છું. વ્યક્તિ પોતાના જીવનમાં તેનો સ્વીકાર કરી તેને અનુસરે તો તે અવશ્ય આકાશની વિશાળતાને આંબી શકશે. સત્ય આકાશ જેવું વિશાળ છે. તેનામાં મેઘ જેવી ગર્જના કરવાની ક્ષમતા છે, તેનામાં વીજળીનો ચમકાર છે. વર્ષાની શીતળતા છે. ગ્રિષ્મની ગરમી છે. એવા સત્યના આશ્રયથી–આગ્રહથી પરબ્રહ્મનું–પરમતત્ત્વનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થઈ શકે છે. પરબ્રહ્મને પામવા આપણે સત્યને આજથી જ અનુસરીએ.

□

# બંગલાનો ઉપદ્રવ ટળ્યો!

સાંજ ઢળી રહી હતી. બંગલાના કમ્પાઉન્ડમાં હું આંટા મારતા મનમાં વિચારી રહ્યો હતો, કે ઈશ્વરે માનવીની છાતી વચ્ચોવચ્ચ પોતાના પ્રતિનિધિરૂપે જ આત્માને બેસાડયો છે. એને અવગણીને માનવી પાપથી પોતાના હાથ શું કામ કાળા કરતો હશે? જરાક પણ ખોટું કરવાનો વિચાર સ્ફુરતાં જ માનવીનો અન્તરાત્મા જે આર્તનાદ કરે છે તેને સાંભળનારો માનવી જાણી બૂઝીને એ અવાજને કેમ ગૂંગળાવી નાખતો હશે? માનવીનો અન્તરાત્મા માનવીનાં તમામ કાર્યોનો સાક્ષી બની રહે છે. માનવીનો અન્તરાત્મા એ દર્પણ છે. એ દર્પણમાં માનવીનું યથાતથ દર્શન-સ્વરૂપ ઉપસી આવે છે. માનવી જેવો છે તેવો તેમાં તે દેખાય છે.

આમ વિચારોમાં આંટા મારતો હતો ત્યાં મારા કાને અવાજ આવ્યો, 'નમસ્કાર. આપને મારો પત્ર મળ્યો હશે.' મેં આગન્તુકની મુખમુદ્રા તરફ નજર કરી. તેણે વાતનો દોર સાંધતાં કહ્યું, 'હું જામનગરથી આવું છું. ગાયત્રી માતાના માહાત્મ્યના લેખો હું નિયમિત વાંચું છું. મને પણ મા ગાયત્રીના જાપ કરવાની ઉત્કટ લગની થઈ આવી છે, તો આપ મને એનો વિધિ બતાવવાની કૃપા કરશો?'

મેં અન્યમનસ્કપણે જ એમને ગાયત્રી મંત્રનું છાપેલું કાર્ડ આપ્યું અને મંત્રના જાપ કરવા કહ્યું. આગન્તુક વૃદ્ધ પુરુષે પગમાં મોજડી પહેરી અચકાતાં અચકાતાં ચાલવા માંડયું. થોડેક જઈ એ અટકી ગયા. પાછા ફરી મને કહે, 'એક ખાસ મુદ્દાની વાત કહેવી ભૂલી જ ગયો.'

'મુદ્દાની વાત તો પહેલી જ કહેવી જોઈએ ને? કંઈ વાંધો નહીં. હવે કહો.' મેં કહ્યું.

'વાત એવી છે કે આમ તો હું બધી રીતે સુખી છું, પણ મુશ્કેલી એક જ છે...'

'શું મુશ્કેલી છે?'

'જામનગરમાં મારા પિતાજીએ આજથી ત્રીસ વર્ષ ઉપર એક આલિશાન બંગલો બંધાવેલો. એકાદ વરસ અમે તેમાં સુખી રહ્યાં, પણ પછીના છ માસમાં એમાં ભારે ચિત્રવિચિત્ર બનાવો બનવા લાગ્યા. ઘરમાંથી ઠેકાણે મૂકેલી ચીજવસ્તુઓ અદૃશ્ય થઈ જાય, એમનાં સ્થાન બદલાઈ જાય, ઘડી ઘડી ભડકા થાય, જીવ ગભરાઈ જાય. કોઈ પ્રેત પોતાનાં ચરિતર કરતું હોય એવું લાગે.

અમે ભુવા ને જોશી, જંતરવાળા ને મંતરવાળા જાતજાતનાં માણસોને દેખાડયું. ફકીરો, ભુવાઓ અને તાન્ત્રિકોએ જેટજેટલી વિધિઓ દેખાડી તે બધીયે કરી, પણ કાંઈ કરતાં કાંઈ ફરક પડયો નહિ. થાકીને અમે બીજો બંગલો ભાડે રાખી ત્યાં રહેવા ગયા અને અમારો ખુદનો બંગલો ભાડે આપી દીધો.'

'પછી?' મેં વચ્ચેથી અટકાવતાં પૂછ્યું.

'પણ ભાડુઆતોયે ઠરીઠામ રહી શકે એમ નહોતું. એમને બીજી કશી કનડગત નહોતી, પણ રોજેરોજ મૂકેલી ચીજવસ્તુઓની જગા બદલાયા જ કરતી હતી. માંડ પન્દર જ દિવસ એ લોકો અમારા બંગલામાં રહ્યા ને પછી એય ખાલી કરીને ચાલ્યાં ગયાં.

ત્યાર પછી, આ બંગલો રહેઠાણ માટે તો કામ નહિ લાગે એમ વિચારી અમે એને ગોદામ માટે ભાડે આપ્યો, તો ગોદામવાળાનેય એવો જ ત્રાસ થવા માંડયો. એનો માલસામાન પણ ઘણીવાર એકાએક અદૃશ્ય થઈ જાય. રોજેરોજના ત્રાસથી કંટાળી એણે પણ બંગલો ખાલી કર્યો.

આજે તો એ વાતને દાયકાઓ થઈ ગયા, પણ ત્યાં કોઈ રહેવા જતું નથી. અરે, ત્યાં થઈને પસાર થનારા પણ ભાતભાતની વાતો કરે છે. કોઈ બંગલામાં ગાતું હોય, કે અડધી રાતે રડતું હોય, કે પછી ખડખડાટ હસતું હોય એવા અવાજો ત્યાંથી પસાર થનારને સંભળાય છે. એટલે સાંજ પડ્યા પછી તો કોઈ એ રસ્તેથી ભાગ્યે જ પસાર પણ થાય છે.

હવે આ ઊતરતી ઉંમરે પાકા ઘરથાળમાં ભાડે રહેવું પડે છે, તેનું મને ભારે દુ:ખ છે. કંઈક એવો રસ્તો કાઢી આપો કે જેથી હું મારા આયુષ્યનો અન્તકાળ મારા પોતાના ઘરમાં જ પૂરો કરું.'

'તો આ તમારો મુખ્ય મુદ્દો હતો ખરું ને?' મેં પ્રશ્ન કર્યો.

ખંચકાટ સાથે આગન્તુક વૃધ્ધે હા ભણી.

મા ગાયત્રીના સ્મરણમાં હું મગ્ન બની ગયો. કોણ જાણે કેમ આ માણસનું વ્યક્તિત્વ મને રહસ્યમય લાગતું હતું. મેં ઘડીક વિચાર કરી તેમને કહ્યું, 'જુઓ, તમે આવતી કાલથી જ તમારા બંગલામાં પહોંચી ત્યાં ગાયત્રીનો જપ શરૂ કરો. રોજ એ ક્રમ ચાલુ રાખો. જો તમારાથી ન બને તો કોઈ સાત્વિક નિરુપદ્રવી બ્રાહ્મણને જપનું કામ સોંપો. પન્દરેક દિવસ પછી મને પાછા રૂબરૂ મળી જજો.' આટલી સૂચના આપી મેં તેમને વિદાય કર્યા.

તેમના ગયા પછી બરાબર અગિયારમે દિવસે રાત્રીના પાછલા પહોરે મને એક સ્વપ્નું આવ્યું. હું જામનગર પહોંચી ગયો. શેઠના બંગલાનો એક ખંડ મેં જોયો, યુવાન શેઠ-શેઠાણી હિંચકે ઝૂલી રહ્યાં હતાં. શેઠ હિંચકેથી ઊઠે છે, કબાટ ઉઘાડે છે, કબાટમાંથી બે ગ્લાસ અને બે બોટલ કાઢે છે. એક સરબતનો હોય એવો મોટો બાટલો છે, જ્યારે બીજી સાવ નાનકડી બોટલ છે. શેઠાણી તરફ એમની પીઠ છે. એમાંના એક ગ્લાસમાં શેઠ પેલી નાનકડી શીશીમાંથી બે ટીપાં પાડે છે – એક, બે, ત્રણ, ચાર, પાંચ...શેઠાણીને તેઓ એ ગ્લાસ આપે છે. શેઠાણી તો હજુ હિંચકે જ ઝૂલી રહ્યાં છે. સરબત પીવાય છે. ધીમે ઘૂંટડે પીવાતું સરબત થોડી વારમાં પૂરું થાય છે. ઘડીકમાં તો હિંચકે ઝૂલતાં શેઠાણી તકિયે ઢળી પડે છે. શેઠ ઊઠે છે. બેઉ ગ્લાસ ધોઈને ઠેકાણે મૂકે છે. સરબતની બાટલી કબાટમાં મૂકે છે. પેલી નાની શીશી ખંડની પાછલી બારીએથી ઘા કરી બહાર ફેંકી દે છે.

બધું સાફસૂફ કરી શેઠ બૂમરાણ કરી મૂકે છે. ઘરનાંને તથા નોકર-ચાકરોને તેઓ જગાડે છે. ડૉક્ટર આવે છે, શેઠાણી મૃત્યુ પામેલાં જાહેર થાય છે. બીજે દિવસે સવારે તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. સળગતી ચિતાની જ્વાળાનું દૃશ્ય જોતાં જ મારી આંખો ઊઘડી જાય છે.

ઉદ્વેગથી મારું ચિત્ત ખિન્ન બની ગયું.

પન્દર દિવસ પછી પેલા ગૃહસ્થ ફરી આવી પહોંચ્યા. તેમણે નિરાંતે બેઠક લીધી કે તરત જ મેં સ્વપ્નમાં જોયેલી બધી વિગતો તેમની સામે વર્ણવી અને શેઠે હૈયાફાટ રુદન આરંભ્યું. ક્યાંય સુધી એકધારાં હિબકાં સાથે તેમની આંખો વહેતી રહી.

થયું કાંઈ થનાર નથી, એમ વિચારી મેં તેમને આશ્વાસન આપી, મા ગાયત્રીની ઉપાસના અવિરત ચાલુ રાખવાની સૂચના આપી. એક શ્રીફળ ઉપર અમુક વિધિ કરી એ શ્રીફળ શેઠને આપ્યું અને કહ્યું, 'જુઓ શેઠાણીનો જ્યાં પલંગ હતો, ત્યાં આ શ્રીફળની સ્થાપના કરજો. મા ગાયત્રી સૌનું કલ્યાણ કરશે.' શેઠે શ્રીફળ લઈ વિદાય લીધી.

તેમના બંગલાનો ઉપદ્રવ દૂર થયો ને ઘરનાં સૌ સભ્યો હવે સુખશાંતિથી રહે છે.

□

# અધ્યાત્મની પગદંડી

ડૉ. કાન્તિલાલ કાલાણી

મનુષ્યને કર્મ કર્યા વિના જીવવું આકરું થઈ પડે છે, તેમ વિચાર વિના, ચિન્તન કર્યા વિના પણ મનુષ્ય રહી શકતો નથી. એ ખરું કે જે કર્મપ્રધાન વ્યક્તિ છે તે વિચારની સૃષ્ટિમાં બહુ અટવાતી નથી અને જે વ્યક્તિ વિચારપ્રધાન છે તે પ્રમાણમાં ઓછાં કર્મો કરવાનું પસંદ કરે છે. આવી વ્યક્તિનું વિચારતંત્ર વધુ સક્રિય હોય છે.

મનુષ્ય ઘસઘસાટ ઊંઘતો હોય તે સમયને બાદ કરીએ તો એનું મન વિચાર કર્યા કરતું હોય છે. પોતે શાના વિશે વિચાર કરે છે તેની પણ તેને ઘણીવાર ખબર હોતી નથી. આપણા શ્વાસોચ્છવાસ ચાલ્યા કરે છે તેનાથી આપણે એટલા ટેવાઈ ગયા હોઈએ છીએ કે શ્વાસ ક્યારે અંદર પ્રવેશ કરે છે અને ક્યારે બહાર નીકળી જાય છે તેનો આપણને ખ્યાલ રહેતો નથી. તેવું જ વિચારોની બાબતમાં કહી શકાય. વિચાર ક્યારે ઊઠે છે અને ક્યારે શમી જાય છે તે પ્રત્યે આપણું ધ્યાન રહેતું નથી. જો કે એમાં કોઈક વિચારો અપવાદરૂપ અથવા બળવાન હોય છે. એમની હાજરીની આપણને જાણ થઈ જાય છે, પણ દિવસભરમાં બળવાન વિચારોની સંખ્યા આંગળીને વેઢે ગણાય તેટલી મર્યાદિત હોય છે. મોટે ભાગે આપણે વિચારો પ્રત્યે અભાન હોઈએ છીએ.

જે બાબતો આપણને બહુ સ્પર્શતી હોય અથવા કોઈ પ્રસંગ, કથા, વાર્તા, સત્સંગ, સારી વાત કે ગ્રંથનું લખાણ આપણા હૃદયને સ્પર્શી ગયું હોય તો તેના પર થોડું કે વિશેષ ચિન્તન–મનન થવાની શક્યતા છે. સામાન્ય સંયોગોમાં મનને જગતના અથવા સંસારના વિચારો આવ્યા કરતા હોય છે. સુખ કેમ મેળવવું, વધુ સગવડો કેવી રીતે પ્રાપ્ત કરવી, પોતાની કીર્તિનો ફેલાવો થાય તે માટે શું કરવું, વધારે સંપત્તિ કેવી રીતે એકત્રિત કરવી, પોતાનો પ્રભાવ અને સત્તા વધારવા શું કરવું, એ દિશામાં તેનું ચિંતન ચાલ્યા કરતું હોય છે. જે ઇન્દ્રિયોથી જોઈ કે સાંભળી શકાય તેવું છે અથવા જેના વિશે આપણે કાંઈક જાણીએ છીએ તેના સિવાય બીજાનો આપણને ભાગ્યે જ વિચાર આવે છે.

જ્યારે પરિચિત બાબતોથી આપણે થાકીએ છીએ અથવા આપણને કોઈક પ્રકારનો આઘાત લાગે છે, આપણી આશાઓના મિનારા તૂટી પડે છે, માંદગી આવે છે કે આપણા હાથની બાજી રહેતી નથી ત્યારે ભગવાનના, સાધુ-સન્ત પાસે બેસી જ્ઞાન પ્રાપ્ત કરવાના કે મોક્ષપ્રાપ્તિના વિચારો આવે છે. જ્યારે અમુક વ્યક્તિઓ જ જીવનના આન્તર પ્રવાહોમાં ઊંડી ઊતરે છે અને પોતાનામાં રહેલા અજ્ઞાનને દૂર કરવા શક્ય તેટલા બધા જ પ્રયાસો કરી છૂટે છે.

ક્યારેક એવું બને છે કે જેને આપણે અજ્ઞાન કહીએ છીએ તે પરમ જ્ઞાનને પામી જાય છે અને જે પોતે અધ્યાત્મમાં સમજે છે એવું માને છે તે પાછળ રહી જાય છે. એનું કારણ એ છે કે અજ્ઞાની જાણે છે કે પોતે અજ્ઞાની છે. એમનામાં અહંકાર નથી હોતો, વાસ્તવમાં તેનામાં ભારોભાર નમ્રતા હોય છે. તે સત્યને સમજવા ઉત્સુક હોય છે. ગ્રંથો વાંચ્યા પછી જે પોતાને જ્ઞાની માનતો હોય છે તે ખરેખર તો શબ્દોના અર્થો જ જાણતો હોય છે. તેમ છતાં એ જ્ઞાનનો બોજો ઊંચકીને જીવનભર ફરતો રહે છે.

અન્ન ન પચે તો બિમારી થાય તો જીવનને પુષ્ટિદાયક એવો શુભ વિચાર ન પચે તો શું થાય? જીવન શ્રેષ્ઠતાથી વંચિત રહી જાય. એ વિચારોનું વિસ્મરણ થઈ જાય અથવા એ વિચારો અન્યને કહીને

અહંકારને પોષી શકાય. સારો રસ્તો વિચારોને વાગોળ્યા કરવાનો છે. શુભ વિચારો આપણા અણુએ અણુમાં એકરસ થઈ જાય ત્યાં સુધી પુરુષાર્થ કરતા રહેવાનો છે.

આપણે જ્ઞાન શબ્દના હાર્દને પકડવાને બદલે માહિતીને જ્ઞાન તરીકે ઓળખાવીએ છીએ. સ્મૃતિના પ્રદેશમાં જે સંઘરી રાખ્યું હોય છે તેને આપણે જ્ઞાન કહીએ છીએ. જ્ઞાનનો ખરો અર્થ યથાર્થપણે સમજવું અથવા અનુભવ એવો થાય છે. જે વાંચીને કે સાંભળીને જાણી શકાય તે માહિતી જ્ઞાન કહેવાય. સમજણ અને અનુભવ સહિતનું જ્ઞાન એ જ જ્ઞાન છે. અનુભવ એટલે ક્રિયાના અંતમાં તેના અંગે થતું દર્શન. અહીં આપણે એવું વિધાન કરી શકીએ કે બહારથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે માહિતી અને અંદરથી અનુભવ દ્વારા ઊગે તે જ્ઞાન. બીજું વિધાન એવું કરી શકીએ કે આપણી માન્યતાઓથી ખાલી થઈ જઈએ પછી જ ખરા જ્ઞાનને અવકાશ રહે છે. જ્યાં સુધી આપણે માન્યતાઓથી અને માહિતીઓથી સભર છીએ ત્યાં સુધી જ્ઞાનની સરવાણી ફૂટતી નથી.

એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે: હવાડામાં અને કૂવામાં ફેર ખરો કે નહીં? હવાડામાં પાણી ભરવું પડે છે, જ્યારે કૂવામાં જળની અખંડ સરવાણીઓ વહેતી હોય છે. હવાડાનું જળ ખૂટી જાય છે, કારણ કે એની પાસે પોતાનો સ્રોત નથી, જ્યારે કૂવાનું જળ સામાન્ય રીતે ખૂટતું નથી.

આપણને હવાડામાં રસ છે કે કૂવામાં? જો કૂવો જોઈતો હોય તો સમજણ અને અનુભવ સહિતનું જ્ઞાન પ્રાપ્ત કરવું પડશે. કર્મ, ભાવ, યોગ, વિચાર એ અનુભવનાં સાધનો છે. કર્મ દ્વારા જીવનના રહસ્યને સમજવા જે પુરુષાર્થ કરે છે તેને આપણે કર્મયોગી કહીએ છીએ. ભક્તિ દ્વારા ભગવત્ તત્ત્વનો અનુભવ કરે છે તેને ભક્ત કહીએ છીએ, જ્યારે યોગ દ્વારા અનુભવ કરનારને યોગી તરીકે અને વિચાર દ્વારા અનુભવ કરનારને જ્ઞાની તરીકે ઓળખીએ છીએ.

જે ખરો અનુભવી છે તેની પાસે સ્પષ્ટતા હોય છે. નિર્વિકલ્પ, નિશ્ચય અને ઉકેલ હોય છે. પાંચ–પંદર અધ્યાત્મ ગ્રન્થો વાંચી લીધા, એમાંના કેટલાક મુદ્દાઓ સ્મૃતિમાં સંઘરી લીધા એટલે આપણામાં જ્ઞાન આવી ગયું એવું આપણે માની બેસીશું તો જ્ઞાનથી વંચિત રહી જઈશું.

યહૂદીઓના પેગંબર મૂસા (મોઝીમ)નો એક પ્રસંગ વાંચેલો તેનું અહીં સ્મરણ થાય છે. તેઓ એક વેળા જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. એક ભરવાડને પ્રાર્થના કરતાં જોયો. યહૂદીઓ કરતાં ભરવાડ જુદી જ પ્રાર્થના કરતો હતો. મૂસા તેની પ્રાર્થના સાંભળવા ઊભા રહ્યા. તે કહેતો હતો: 'હે ભગવાન! તું મને તારી પાસે બોલાવી લે. હું તને ખૂબ ઉપયોગી થઈશ. હું તને સરખી રીતે નવડાવીશ. તું જુએ છે કે આ ઘેટાંને હું કેવી રીતે નવડાવું છું. એમનાં એકેએક અંગ બરાબર સાફ કરું છું. નવા નવા પ્રકારની રસોઇ બનાવી રોજ જમાડીશ. તું આખી દુનિયાનું તંત્ર ચલાવીને થાકી જતો હોઈશ. હું માત્ર આ ઘેટાંને સાચવું છું અને થાકી જાઉં છું તો તારી શી હાલત થતી હશે? મને પગ દબાવવાનું કામ પણ સારું ફાવે છે. માલિશ કરવાની પણ મને સારી ફાવટ છે. તારો થાક ઊતારી દઈશ. હે કિરતાર! તું બધાનું ધ્યાન રાખે છે પણ તારું ધ્યાન કોઈ રાખતું નથી. હું આ ઘેટાંની રખેવાળી સારી રીતે કરું છું તે તું જુએ છે. તારી રખેવાળી કરવાનું પણ મને ગમશે. મારાં ઘેટાંને ટોલા પડે છે અને ખંજવાળ આવ્યા કરે છે. તેમનાં બધાં ટોલા હું વીણી લઉં છું. મને એ કામ પણ બરાબર આવડે છે. તારા માથામાં પણ ટોલા પડયા હશે તો હું કાઢી આપીશ. તું ચિંતા ન કરીશ.'

ભરવાડ ભોળા ભાવે ભગવાનને પ્રાર્થના કરી રહ્યો છે. મૂસા એક વૃક્ષ પાસે ઊભા રહી એની પ્રાર્થના સાંભળી રહ્યા છે. ભરવાડની પ્રાર્થના તેમને અણઘડ લાગે છે. આ તે કંઈ પ્રાર્થના છે? આવી રીતે કાંઈ ભગવાનને પ્રાર્થના કરાતી હશે? નથી એમાં કોઈ રંગ–ઢંગ, વિવેક–વિચાર કે સમજ. તેમણે

ભરવાડને ઠપકો આપ્યો : 'તું તારા મનમાં શું સમજે છે? તું એમ માને છે કે ભગવાન તારાં ઘેટાંની જેમ ગંદો અને મેલો છે અને તું એને સાફ કરીશ? એ ભૂખ્યો છે અને તું એને ખવડાવીશ? એના માથામાં ટોલા છે અને તું તે દૂર કરીશ? તું ઘેટાંથી આગળ કાંઈ જોઈ શકતો નથી. તું ભગવાનનું રખેવાળું કરવાની વાત કરે છે? અણસમજુ છે. સમજીને પ્રાર્થના કર.'

પેગંબર મૂસાનું વ્યક્તિત્વ અસામાન્ય હતું. ભરવાડ તેમના ઠપકાથી ક્ષણભર ડઘાઈ ગયો. થોડી ક્ષણો મૌન છવાઈ ગયું. પછી કહે: 'હું સાવ અભણ છું. આખો દિવસ આ ઘેટાંના સંગમાં રહું છું. આ ઘેટાં સાથે જેમ વાતો કરું છું તેમ પરમાત્મા સાથે વાતો કરું છું. મને બીજી ભાષા આવડતી નથી કે બીજી પ્રાર્થના આવડતી નથી. તમે મને પ્રાર્થના કરતાં શીખવાડો તો એમ કરીશ.'

પેગંબર મૂસાએ એને યહૂદીઓની પ્રાર્થના સંભળાવી. એ પ્રાર્થના ઘણી લાંબી હતી. તેમણે ભરવાડને તે પ્રાર્થના યાદ રાખવા કહ્યું, પણ ભરવાડને આટલી લાંબી પ્રાર્થના શી રીતે યાદ રહે? તેણે કહ્યું: 'આવડી લાંબી પ્રાર્થના મને યાદ નહીં રહે. બોલીશ ત્યારે આડુંઅવળું થઈ જશે.' છતાં મૂસાએ તેને ત્રણ-ચાર વાર સંભળાવી. પછી તેઓ સન્તોષ સાથે ચાલતા થયા. પોતે એક અજ્ઞાનીને સરખી રીતે પ્રાર્થના કરવાનું શીખવાડી શકયા તેનો તેમને આનન્દ થયો.

થોડે આગળ ચાલ્યા હશે ત્યાં તેમણે અવાજ સાંભળ્યો : 'મૂસા! તેં આ શું કર્યું? મેં તને પૃથ્વી પર જે કાર્ય કરવા મોકલ્યો હતો તેનાથી વિરુદ્ધ કાર્ય તેં કર્યું. મનુષ્યોનાં હૃદય મારી સાથે જોડાય તે માટે પ્રયત્ન કરવાનો હતો તેને બદલે તું મનુષ્યને મારાથી વિખૂટો કરવા ધારે છે? પેલો ભરવાડ હૃદયના ઊંડાણમાંથી મને પ્રાર્થના કરતો હતો, પ્રાર્થના કરતી વેળા તેનું રુંવે રુંવું આનન્દથી નાચતું હતું. તેં એને જે પ્રાર્થના શીખવી તેમાં ભરવાડ પ્રાણ રેડી શકતો નથી. તે પ્રાર્થનાના શબ્દો યાદ કરવા મથે છે અને સતત મુંઝાય છે. તેની સાથે હૃદયના તાર જોડી શકતો નથી. તું પાછો જા. એણે રચેલી પ્રાર્થના જ એ ભલે બોલતો. એ જ સાચી પ્રાર્થના છે, અને મને એ જ પ્રાર્થના પહોંચે છે. એને કહે: 'ભૂલ થઈ ગઈ. તું જે કરતો હતો તે બરાબર છે. એ જ પ્રમાણે કરજે.'

મૂસાએ ભરવાડની ક્ષમા માગી. અવિદ્યા કરતાં વિદ્યા વધુ ગાઢ અન્ધકારમાં ધકેલે છે તેનું આ બેનમૂન ઉદાહરણ છે. જે અજ્ઞાની છે તે સમજે છે કે પોતે કશું જાણતો નથી એટલે અન્ધકારમાં અથડાવાનો એની પાસે શબ્દજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન કાંઈ નથી. એને ખબર છે કે પોતાની પાસે અન્યને આપી શકાય તેવું કાંઈ નથી એટલે તે નમ્રતા આચરી શકે છે. પણ જે શાસ્ત્રજ્ઞાનમાં પાવરધો છે તે અક્કડ થઈને ફરતો હોય છે. એનો અહંકાર અણિયાળો બની ગયો છે. અજ્ઞાન કરતાં અહંકાર વધુ ખતરનાક છે. અજ્ઞાનીને શાંતિથી સમજાવીશું તો તે સમજવાની અને પોતાના દોષો સુધારી લેવાની કોશિશ કરશે, પણ કહેવાતો જ્ઞાની પોતાનો કોઈ ને કોઈ રીતે બચાવ કરવા પ્રયત્ન કરશે. નમતું ન આપવું એ અહંકારનો સ્વભાવ છે. શાસ્ત્રવિદ્યાના જાણકારમાં અહંકાર નિર્માણ થવાની વિશેષ શકયતા છે, એટલે એના વિકાસની શકયતા દુર્લભ છે.

ટૂંકમાં શાસ્ત્ર પર પ્રભુત્વ મેળવવાથી કે શાસ્ત્રો જિહ્વાગ્રે કરવાથી જીવનના પરમ સત્યને પામી શકાતું નથી. એ માટે જીવન વિશેની સાચી સમજ અને અનુભવ ખપમાં આવે છે. અહીં શાસ્ત્રોનો મહિમા ઓછો આંકયો નથી પણ શાસ્ત્રજ્ઞાન આપણે પચાવવું જોઈએ. એ જ્ઞાન આપણાં વિચાર, વાણી અને વર્તન સાથે એકરસ થઈ જવું જોઈએ.

□

# ચૈત્રી નવરાત્ર

ચૈત્રી નવરાત્રમાં અનુષ્ઠાન કરવા ઇચ્છતાં ઉપાસકો માટે અનુષ્ઠાન અંગેની માહિતી અત્રે રજૂ કરી છે.

ચૈત્રી નવરાત્રનો પ્રારંભ તા. ૭મી એપ્રિલથી થાય છે. તા. ૭–૪–'૮૯ થી તા. ૧૪–૪–'૮૯ સુધી આઠ દિવસનું નવરાત્ર છે.

ગાયત્રી અનુષ્ઠાન એ શિસ્તબદ્ધ અને નીતિનિયમોથી સજ્જ એવી લાંબા ગાળાની ઉપાસના છે.

સામાન્ય રીતે ચોવીસ હજારનું લઘુ અનુષ્ઠાન ઉપાસકોને વિશેષ અનુકૂળ આવે છે.

નવ દિવસના અનુષ્ઠાનમાં દરરોજની સત્તાવીસ માળા, આઠ દિવસના અનુષ્ઠાનમાં રોજ એકત્રીસ માળા અને દસ દિવસમાં રોજની ચોવીસ માળા કરવાની રહે છે.

અનુષ્ઠાન માટે સમય અને સ્થળ નિશ્ચિત હોવા જરૂરી છે. પહેલે દિવસે જે સમયે અને સ્થળે અનુષ્ઠાનની શરૂઆત કરી હોય તે જ સમયે ને સ્થળે દરરોજ માળા કરવા બેસવું.

એકી સાથે બધી માળા પૂરી ન થાય તો અધવચ્ચેથી ઊઠી શકાય છે પણ એ માટે માળાનો ક્રમ નક્કી કરવો જરૂરી છે. શક્ય અને સુલભ હોય તો ઘૃતદીપ અને અગરબત્તી ચાલુ રાખી શકાય.

અનુષ્ઠાન માટે કોઈ વિધિવિધાનની આવશ્યકતા નથી. સમ્પૂર્ણ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ, મા–બાળકનો સમ્બન્ધ અને નિષ્કામ ભાવ જરૂરી છે.

કોઈક સંજોગોમાં અનુષ્ઠાન અધૂરું છોડવું પડે તો અધૂરું અનુષ્ઠાન આગળ ચલાવી ન શકાય.

અનુષ્ઠાન દરમ્યાન ઉપવાસ કરવાની જરૂર નથી. એકવાર જમીને અનુષ્ઠાન થઈ શકે, પરન્તુ ઘરમાં જ બનાવેલી સાત્વિક રસોઈ જમવી.

અનુષ્ઠાન દરમ્યાન બ્રહ્મચર્ય પાળવું જરૂરી છે.

□


મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ
**જમનાદાસ નાગરદાસ મોદી**
જનરલ મરચન્ટ
**'ભગવતી'**
ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)




# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન :** સેવા કેવી રીતે કરવી?

**ઉત્તર :** પ્રેમ, ફરજ, નિષ્ઠા અને નિષ્કામ ભાવથી. સેવા કરવાની આ પ્રથમ શરત છે.

સેવા કરવાની ભાવના અને દૃષ્ટિ હોવી જોઈએ. સેવા કરવાની તક તો જીવનમાં પળે પળે પ્રાપ્ત થતી જ હોય છે.

નિઃસહાયને સહાય કરવી એ સૌથી મોટી સેવા છે. દુઃખીના દિલને દિલાસો આપવો એ ય એક સેવા છે.

યુવાનોએ માતા-પિતા તેમ જ વડીલોનું ધ્યાન રાખવું કે મદદ કરવી એ ય એક મોટી સેવા છે.

માતા-પિતાની સેવા એ સૌથી શ્રેષ્ઠ સેવા છે. તેમના આશિષ એ જ તેમની સેવાનું સૌથી મોટું ફળ છે. મા-બાપની આંતરડી ઠારવી એ પ્રત્યેક પુત્ર-પુત્રીની ફરજ ને સેવાનો એક પ્રકાર છે.

સેવામાર્ગના યાત્રીએ યોગ્ય સમયે સર્વસ્વનું સમર્પણ કરવાની તૈયારી રાખવી જોઈએ.

સન્તની-ગુરુની સેવા શ્રદ્ધા અને ભક્તિથી, નિષ્કામ ભાવે કરવી જોઈએ. પરન્તુ તેમના સ્વરૂપને ધ્યાનમાં રાખીને, ચોક્કસ મર્યાદા સ્વીકારીને. જેની જે કક્ષા હોય તેની સેવા-પૂજા તે કક્ષા પ્રમાણે જ કરવી જોઈએ. સેવકે પ્રિયમાં પ્રિય વસ્તુનો પણ, સન્તના-ગુરુના શબ્દો પર ન્યોછાવર કરતાં શીખવું જોઈએ.

કોઈ પણ વ્યક્તિ પૂર્વના સંસ્કારના પ્રતાપે સંયમનો આદર્શ સ્વીકારે, તો મોહ યા મમતાને વશ થઈ, તેને સંયમના સાત્ત્વિક માર્ગેથી અસંયમના અસાત્ત્વિક માર્ગે દોરી ન જશો. સાત્ત્વિક માર્ગની શરૂઆત દુઃખથી ભરેલી લાગશે, પરંતુ તેનો અન્ત સુખથી છલકાતો હશે, જ્યારે અસાત્ત્વિક માર્ગની શરૂઆત સુખથી સભર જણાશે, પરંતુ તેનો છેડો દુઃખના દરિયામાં ડુબાડી દેશે.

સેવાનો માર્ગ નિજાનન્દ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના નિજાનન્દને ખાતર જ સેવા કરવી જોઈએ-સેવા થવી જોઈએ.

**પ્રશ્ન :** સન્ત કેવી રીતે બની શકાય?

**ઉત્તર :** સન્ત બનવા માટે સત્ માર્ગે પ્રયાણ કરવું અને અસત્ માર્ગને તિલાંજલિ આપવી. સન્ત બનવાનો સાચો આધાર હૃદય છે. વ્યક્તિની મનોદશા પરથી જ સન્ત-અસન્તનું માપ નીકળે છે. આથી સન્ત બનવા માટે સૌ પ્રથમ તો મોહ-માયા-મમતાથી પર થવું જરૂરી છે. અસ્તિત્વમાંથી તમામ પ્રકારની વાસના દૂર થવી જરૂરી છે. પરન્તુ આ કહીએ છીએ તેટલું સરળ નથી. અનેક જન્મોથી વાસનાઓએ અડ્ડા જમાવી રાખ્યા છે. વર્ષોની સાધના પછી સાત્ત્વિક અભિગમથી, સ્વ પ્રયત્નથી, મનને કેળવવાથી વાસના દૂર થાય છે. વાસના પર કાબૂ પર મેળવી શકાય છે. છતાં વાસના દૂર થવી, નિમંત્રિત થવી એટલી દુષ્કર છે કે સહેજ પણ બહાનું મળતાં જ તે સહેજ વારમાં જ જાગ્રત થઈ ઊઠે છે.

તો શું કરવું? સન્ત બની શકાય છે તેવો નિશ્ચય કેવી રીતે થઈ શકે? થઈ શકે તો ય તે ચરિતાર્થ શી રીતે થઈ શકે?

સન્ત એટલે સદ્‌ગુણોનો ભંડાર. સન્ત બનવા માટે જગતના તમામ સદ્‌ગુણોને-ઈશ્વરીય ગુણોને આત્મસાત્ કરવા પડે છે. તદર્થે તો સૌ પ્રથમ ઇષ્ટની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી તેની નિષ્કામ

ભાવે અવિરત ઉપાસના કરવી પડે છે. પ્રેમ, ફરજ, દયા, સહૃદયતા, ઋજુતા, મૃદુતા, નિષ્ઠા ને કર્તવ્ય-પાલન જેવી ભાવનાઓ વિકસાવવી પડે છે, ઈશ્વરકૃપા ને પ્રબળ પુરુષાર્થને કારણે કેટલાકને તેમાં સફળતા મળે પણ છે, પરન્તુ માયાના એક જ ઝપાટે ભાવનાઓ – ગુણોની ઇમારત તૂટી પડે છે. તેથી સંસારમાં રહેવા માટે જળકમળવત્ મનોદશા કેળવવી પડે છે. ચિત્તને એ પ્રમાણે કેળવવું પડે છે. કારણ સઘળા સદ્ગુણોનો આધાર મનુષ્યનું મન છે, ચિત્ત છે.

પ્રભુના આશ્રય વિના, તેની ભક્તિ વિના સદ્ગુણો આવિષ્કાર પામી શકતા નથી ને ટકી શકતા નથી. આથી પ્રભુની ઉપાસના ને શરણાગતિને જ આત્મસાત્ કરવાની સૌ પ્રથમ આવશ્યકતા ને અનિવાર્યતા છે. જેના હૃદયમાં ઈશ્વરનો વાસ છે, તેનામાં સદ્ગુણો આપોઆપ જ આવે છે, બલ્કે સદ્ગુણોને આવ્યા વિના છૂટકો થતો નથી.

સદ્ગુણોની પરાકાષ્ઠા સન્ત છે. જે સદ્ગુણોના આવિર્ભાવથી માનવી સન્ત બને છે તે સદ્ગુણોનું મૂળ પણ સત્ છે, અર્થાત્ ઈશ્વર છે. ઈશ્વર દયાનો સાગર છે. તે સૌના આશ્રયદાતા છે. મિત્ર છે. તેમને જે પોતાના મિત્ર માને છે તે પણ સન્ત બની જાય છે. ત્રિવિધ તાપોથી વિરક્ત બનીને તે શાશ્વત શાંતિ પામે છે. પણ ઈશ્વર દયામય છે ને મારા પરમ સખા છે–સાથી છે; તે વાત મનમાં દૃઢ થવી જોઈએ. એ માટે અડગ ને અચળ શ્રદ્ધાની જ આવશ્યકતા છે. સમસ્ત સદ્ગુણોના ભંડાર સમા ઈશ્વર જેના સાથી, સારથિ, મિત્ર છે તેનાથી વેગળા રહેવાની સદ્ગુણોની તાકાત જ નથી. જેણે જગતના સમસ્ત સત્ત્વે–સત્યને–સદ્ગુણને–ઈશ્વરને–ઐશ્વર્યને ( ઈશ્વરીય અંશો–ગુણોને ) પ્રાપ્ત કરી લીધા છે તે સન્ત છે.

સન્ત બનવા માટે શ્રદ્ધા, વિષયાસક્તિનો અભાવ, સેવાભાવ, બીજાના દોષ ન જોવા, નિષ્કામ ભાવ, નિરંતર જપ ને નામસ્મરણ, વૈરાગ્ય ને અભ્યાસ જરૂરી છે.

પરન્તુ ખરી હકીકત એ છે કે સન્ત બનવાથી, સદ્ગુણોને આત્મસાત્ કરવાથી જ કાર્ય પતી જતું નથી. મહત્ત્વ તો એ અવસ્થાને ટકાવી રાખવાનું છે. સન્તનો માર્ગ તો તલવારની ધાર પર ચાલવા જેવો છે. સન્ત બન્યા પછી પણ અનેક પ્રકારની સાવધાની ને સજાગતા રાખવાની જરૂર છે. પ્રલોભનો ને ષડ્રિપુ અજ્ઞાતપણે ગમે ત્યારે પ્રહાર ન કરે, પોતાની જાળમાં ફસાવે નહિ તે જોવાની કાળજી રાખવાની છે. સન્તનું કાર્ય ને સન્ત બનવાની પ્રક્રિયા ઘણી દુષ્કર છે. એ માટે પ્રબળ ને પ્રખર શક્તિની, ખમીરની, જિકરની આવશ્યકતા છે, અનિવાર્યતા છે.

**પ્રશ્ન** : સમાધિ એટલે શું? સમાધિસ્થ દશા કેવી રીતે અનુભવાય?

**ઉત્તર** : સમાધિ એટલે ભીતરની પ્રશાંતિ. જીવનના તમામ ઉત્પાતો, ઉધામાઓ સાથે માનસિક સમાધાન, ચિત્તની સમ્પૂર્ણ એકાગ્રતા, ધ્યાન. ઇષ્ટ સાથે સમ્પૂર્ણતઃ અનુસન્ધાન–ધ્યાનનો નિયમિત અભ્યાસ કરી ધ્યાનમાં બેસવાથી મનના તમામ ઉધામાઓ-તરંગો–શંકાઓ શમી જાય છે. સાધકને શરીરથી પર અવસ્થાનો–અગોચર સૃષ્ટિનો અનુભવ થાય છે.

સમાધિસ્થ દશામાં સાધકની ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. સમસ્ત અસ્તિત્વ દૂધમાં સાકર ભળે તેમ પરમતત્ત્વમાં કે ઇષ્ટ દેવમાં એકાગ્ર અને લીન બની જાય છે. દૂધમાં સાકર ઓગળી ગયા પછી ફક્ત સાકરનો સ્વાદ જ અનુભવાય છે તેમ સાધક ફક્ત પરમાત્માના આનન્દસ્વરૂપ અસ્તિત્વનો જ અનુભવ કરી રહે છે.

પરમતત્ત્વ સાથેના સાયુજ્યનો, કેવળ પરમ આનન્દમય ભીતરની પ્રશાંતિનો અનુભવ તે સમાધિ.

સમાધિસ્થ અવસ્થામાં સાધકને જુદા જુદા અનુભવો થાય છે. જેવા કે અગોચર સૃષ્ટિનું દર્શન, અગોચર જ્ઞાન, પરમ શાંતિનો, અલૌકિક આનંદનો અનુભવ થાય છે. સમસ્ત અસ્તિત્વમાં આનંદ ને પ્રસન્નતા વર્તાય છે. કોઈ અણમોલ, અપ્રાપ્ય વસ્તુ પ્રાપ્ત થઈ હોય તેવો અનુભવ થાય છે.

મનની એકાગ્રતા એ આપણા સહુનો પ્રશ્ન છે. મનનો મેલ દૂર કરી, મનની એકાગ્રતા સાધવી અને ઉપાસનાના ફળસ્વરૂપ શાંતિ, આનંદ અને આંતરિક સુખ-સન્તોષનો અનુભવ કરવો તેવી દરેક ઉપાસકની ઇચ્છા હોય છે. પરન્તુ વર્ષો સુધીની સાધના છતાં સાધકના સ્વભાવની શુદ્ધિ થતી નથી, નિખાલસતા આવતી નથી એ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું બની રહે છે. માટે જીવનની ક્ષણે ક્ષણને સાધનામય કરવી પડે, સર્વવ્યાપક બનાવવી પડે એટલું જ નહિ અમુક સ્થળ કે સમય પૂરતી સાધનાને મર્યાદિત ન બનાવતાં જીવનની અનિવાર્યતામાં તેને વણી લેવી જરૂરી બની રહે છે.

વાત આટલેથી જ અટકતી નથી. વ્યક્તિએ મિત્રભાવ કેળવવો જોઈએ. પ્રાણીમાત્ર પર કરુણાભાવ રાખવો. મનની સ્થિરતા, સમતા, સ્થિતપ્રજ્ઞતા અને સહનશીલતા કોઈ પણ પરિસ્થિતિમાં બને તેટલી પ્રાપ્ત કરવા-કેળવવાનો પ્રયાસ કરવો જોઈએ. માનવતાને વિસારે ન પાડવી. બીજાની મહાનતા, પ્રસન્નતા ને સફળતામાં સૂર પુરાવવો. પોતાનાં સુખ-સમૃદ્ધિનો ગર્વ ન કરવો તેમ જ દીન દુઃખી કે લાચાર-નિઃસહાય વ્યક્તિની ઉપેક્ષા-તિરસ્કાર ન કરવા. સાત્ત્વિક-આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ-રુચિ કેળવવાં. જેથી સમયાન્તરે તે આપણી પ્રકૃતિમાં વણાઈ જાય.

ઉપરાંત વ્યક્તિએ સતત આત્મનિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. બીજાના ગુણદોષ જોવાને બદલે હમેશાં પોતાની ત્રુટિઓ, દોષો તપાસવા અને તેને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેવું. મનની મલિનતા દૂર થાય તો જ સાધના, ધ્યાન, મનની એકાગ્રતા સાધી શકાય ને પરમાત્માનું દર્શન કરી શકાય. સમાધિ-અવસ્થા પ્રાપ્ત થઈ શકે.

મારું અંગત સ્પષ્ટ મન્તવ્ય છે કે બહારની ભૌતિક દુનિયામાં માનવી ગમે તેટલો આગળ વધે પણ જ્યાં સુધી માણસ અંદરનો-આત્મિક વિકાસ ન સાધે ત્યાં સુધી બધું વ્યર્થ છે. આત્મિક વિકાસની પ્રાપ્તિ પછી જ સમાધિ અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે.

**પ્રશ્ન :** મોક્ષ એટલે શું? મોક્ષપ્રાપ્તિ શી રીતે કરી શકાય?

**ઉત્તર :** મોક્ષ એટલે જીવનું-આત્માનું પરમતત્ત્વમાં વિલીનીકરણ. મનુષ્ય મૃત્યુ પામ્યા પછી ફરી જન્મ ધારણ ન કરે, જીવને ફરી જન્મ ન મળે ત્યારે તેનો મોક્ષ થયેલો ગણાય.

આ એક પ્રાથમિક સમજ છે.

મનુષ્યનો મોક્ષ થવો એ ઘણું દુષ્કર કાર્ય છે. જ્યાં સુધી માનવી કર્મોના બન્ધનમાંથી છૂટતો નથી ત્યાં સુધી તે મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. મોક્ષપ્રાપ્તિ માટે મનુષ્યે સત્કર્મો-પુણ્ય સંચિત કરવાં પડે છે.

પણ આ વાત આટલેથી જ અટકતી નથી. કેવળ પુણ્ય સંચિત્ કરવાથી કે સત્કર્મો કરવાથી જ મોક્ષ મળી નથી જતો.

માનવીની વૃત્તિઓ અને ઇચ્છાઓ અનન્ત છે. એક વૃત્તિ સંતોષાય ન સંતોષાય ત્યાં બીજી ઉદ્ભવી રહે છે. એક ઇચ્છા પૂરી થાય ન થાય ત્યાં બીજી ઇચ્છા જાગે છે. એટલું જ નહિ માનવી પોતાની વાસનાથી પણ રહિત થઈ શકતો નથી. માનવીનું સમસ્ત અસ્તિત્વ કોઈ ને કોઈ પ્રકારનાં વળગણોથી સભર હોય છે.

આથી મનુષ્યના અસ્તિત્વમાંથી તમામ પ્રકારની આકાંક્ષા, આસક્તિ, વાસના, વૃત્તિ, સમ્પૂર્ણપણે દૂર થઈ જાય, સમસ્ત અસ્તિત્વ શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક, નિષ્કામભાવે ઉપાસનામાં રહી, સંસારમાં જળકમળવત્ રહી, નિષ્ઠાપૂર્વક જવાબદારીઓ – ફરજો અદા કરી આત્મતત્ત્વનો–પરમતત્ત્વનો સમ્પૂર્ણ પરિચય મેળવી, અસ્તિત્વને પવિત્ર બનાવી કેવળ સત્કર્મ ને પુણ્ય સંચિત કરવાનો પુરુષાર્થ આદરવામાં આવે ત્યારે જ ઈશ્વરની કૃપા ને ઇચ્છા હોય તો મોક્ષ મેળવી શકાય. પરન્તુ અસ્તિત્વને તમામ પ્રકારની વાસના–વળગણોથી મુક્ત કરવાની જરૂર છે.

આપણે વ્યવહારમાં ઘણીવાર કહીએ છીએ — જોઈએ છીએ કે, ડોશીનો જીવ અમુક-તમુકમાં હતો, કાકા બધી માયાથી પર થઈ ગયા હતા. આમ સંસારમાં રહેવા છતાં વ્યક્તિ સંસારની માયાથી પર થાય ત્યારે જ તે મોક્ષ મેળવી શકે છે.

વ્યક્તિને કોઈ એષણા–આકાંક્ષા ન રહેતાં જન્મ ધારણ કરવો પડતો નથી.

બીજી મહત્ત્વની વાત એ છે કે જીવનો–આત્માનો મોક્ષ થતાં તે ફરી કયારેય જન્મ ધારણ નથી જ કરતો એવું નથી. મોક્ષ પામેલ આત્મા ક્વચિત્ ઈશ્વરની ઇચ્છાથી સમષ્ટિના શ્રેયાર્થે–લોકસેવાના કાર્યાર્થે જન્મ ધારણ કરે છે.

સન્તો એ રીતે જન્મ ધારણ કરી પૃથ્વી પર અવતરે છે – પરમતત્ત્વના આદેશથી.

**પ્રશ્ન** : આપ નિષ્કામભાવે ઉપાસના કરવાનું કહો છો, પણ ભગવાનના ભંડાર તો ભરપૂર છે, તો પછી શા માટે નહિ માગવું ?

**ઉત્તર** : આપનો પ્રશ્ન આવકાર્ય છે.

ભગવાન પાસે—માતાજી પાસે શું માગશો ? કયારે માગશો ?

નિઃસહાય અવસ્થામાં ઈશ્વરની મદદ માગવી, તેનો સાથ–સહકાર માગવો. ભૌતિક સુખોની માગણી ઈશ્વર પાસે કરવી ઉચિત નથી. તમે નિષ્કામ ભાવે મા–બાળકનો સમ્બન્ધ કેળવી ઉપાસના કરશો એટલે તમારી પ્રત્યેક જરૂરિયાતોની તેને ખબર જ હોય છે એ હકીકત મેં તમને વારંવાર કહી છે. તેમ છતાં કોઈ પણ મૂંઝવણ–ગૂંચવણ નડે, આપત્તિ આવે ત્યારે પરિસ્થિતિનું નિવેદન ઇષ્ટ સમક્ષ કરવું જોઈએ ને પ્રાર્થના કરવી જોઈએ કે હવે તું જ બધું સંભાળજે. તને યોગ્ય લાગે તેમ કરજે. ઈશ્વર કદી પોતાનું અહિત નહિ કરે એવો દઢ વિશ્વાસ તો હોવો જ જોઈએ.

માતાજી પાસે–પરમતત્ત્વ–પાસે માગવા જેવી બીજી કોઈ ચીજ હોય તો તે સદ્બુદ્ધિ, સદ્વિચાર, સદાચાર, નીતિ, પ્રમાણિકતા, પવિત્રતા માગવી જોઈએ. ભક્તિ ને સેવાની યાચના કરવી જોઇએ.

સાચો ભક્ત તો જન્મોજન્મ હરિની ભક્તિ માગે છે. નરસિંહ મહેતાની પંક્તિ યાદ હશે :

'હરિનાં જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે.'

અને જીવનના પ્રત્યેક ક્ષેત્રે, પ્રત્યેક પગલે ઈશ્વર પાસે–ઇષ્ટ પાસે માગો "હે પ્રભુ ! તારી જેવી ઇચ્છા. તારી ઇચ્છા, એ જ મારી ઇચ્છા. તારી ઇચ્છા ફળીભૂત થાઓ. બધું તારી ઇચ્છા પ્રમાણે જ બનો."

આમ જીવન ને સંસારની સઘળી જવાબદારી ભગવાનને શિરે નાખી દેવાથી અંતરમાં શ્રદ્ધા, શરણાગતિ ઉદ્ભવશે. નિશ્ચિંતતા ને સલામતી અનુભવાશે. બધું જ પ્રભુના શિરે નાખી દેવાથી તેની સહાય અને કૃપા અવશ્ય પ્રાપ્ત થતી રહેશે.

□

# બદલી મળી!

કેટલાંક યુવાન ભાઈ બહેનોને નોકરીની—મનપસંદ નોકરીની—અપેક્ષા હોય છે, માગણી હોય છે, તો કેટલાંક ભાઈબહેનની ઇચ્છા ચોક્કસ સ્થળે નોકરીની બદલી કરાવવાની હોય છે. તેઓને સારા પગારની, સારા હોદ્દાની નોકરી તો મળી જ હોય છે, પરન્તુ વતનથી દૂર દૂર, માતા-પિતા, પત્ની અને બાળકોથી વેગળાં રહેવાનું, પોતાનું ઘર હોય છતાં નોકરીના સ્થળે બીજું ઘર રાખવાનું, તેનું ભાડું, એ ઘરના ખર્ચા વગેરે પ્રતિકૂળ બાબતોને કારણે ઘણાં ભાઈબહેનો નોકરીની બદલીની તીવ્ર ઇચ્છા રાખે છે.

શાસ્ત્રીજી પાસે આવાં ઘણાં ભાઈબહેનો આવે છે. તેઓને તો શાસ્ત્રીજી માતાજીની શરણાગતિ સ્વીકારવા અને ગાયત્રી-મંત્રના જપ કરવા જ સૂચવે છે અને કોઈ આંતર પ્રેરણા કે સ્ફુરણા જાગે તો તેને તેમ કરવા જણાવે છે. પરન્તુ તે વ્યક્તિના અન્તરથી સ્વીકારાયેલી માતાજીની શરણાગતિ, દૃઢ શ્રદ્ધા અને સતત મંત્રજપ-સ્મરણના પ્રતાપે તેમની ઇચ્છા સાકાર થાય છે.

તેમને મનપસંદ સ્થળે-વતનમાં નોકરી કે બદલી મળી જવાથી કુટુંબ સાથે રહી શકાય છે, કેટલાક વધારાના ખર્ચાઓ આપોઆપ જ દૂર થાય છે ને આર્થિક-કૌટુમ્બિક રીતે અનેક રાહત થાય છે. તેમનું જીવન આનન્દપૂર્વક પસાર થાય છે. એટલું જ નહિ, તેમને એક પ્રકારનો ઊંડો સંતોષ પણ ઉદ્‌ભવે છે.

વડોદરાના શ્રી એચ. ડી. ઉપાધ્યાય લખી જણાવે છે :

મા ગાયત્રીદેવીની કૃપાના ફળરૂપે મને ૧૯૮૦ની સાલમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનિયર કલાર્ક તરીકે નોકરી મળી હતી. વડોદરા મારા વતનથી ઘણું દૂર છે. મારા માતા-પિતાને પણ આટલે દૂર સુધી મને નોકરીએ મોકલવા માટે મનદુઃખ થતું હતું પરન્તુ આર્થિક પરિસ્થિતિને લીધે તેઓએ મને કોઈ પણ જાતની ચિન્તા કર્યા વગર મા ગાયત્રી ઉપર પૂરી શ્રદ્ધા રાખી મને નોકરી પર હાજર થવાની રજા આપી. ઘેરથી આટલે દૂર સુધી નોકરીએ આવવા મારું પણ મન માનતું નહોતું. પરન્તુ સાંસારિક બોજ ઉઠાવવા માટે પણ નોકરી તો કરવી જ રહી. હું જ્યારે વડોદરા નોકરી પર હાજર થયો ત્યારે મેં અમદાવાદ તેમ જ ગાંધીનગર જેવાં સ્થળોએ પણ નોકરી માટે અરજી કરી હતી. જી. પી. એસ. સી.માં સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી હતી. તેમાં પસંદગી પામવા શાસ્ત્રીજી પાસે આશીર્વાદ માગ્યા હતા. શાસ્ત્રીજીએ 'થઈ જશે' એમ કહી મા ગાયત્રી પર પૂરી શ્રદ્ધા રાખી ત્રણ માળા કરવાનું કહેલ, તે મુજબ હું નિયમિત માળા કરતો.

શાસ્ત્રીજીના શબ્દોમાં જે શક્તિ છે તેનો પ્રત્યક્ષ અનુભવ મને થયો. મને નજીકનાં સ્થળોએ નોકરી મળી નહિ અને કોર્પોરેશનની નોકરીમાં તો કોઈ બદલી થઈ શકે નહિ. આથી હું નિરાશ થઈ ગયો.

કાયમ માટે વડોદરા રહેવું પડે તે મારા માટે મુશ્કેલ હતું. કારણ વડોદરા શહેર તો પણ સારું છે. પરન્તુ ટૂંકા પગારમાં ભાડાનું મકાન અને વધતી જતી મોંઘવારીમાં આર્થિક જીવન મુશ્કેલ બને છે એમ લાગતું હતું.

ગુરુદેવના શબ્દોની ફલશ્રુતિ આઠ વર્ષો બાદ મને મળી છે. વડોદરા મ્યુનસિપલ કોર્પોરેશનનું વિદ્યુત ખાતું કોર્પોરેશન પોતે વહીવટીય મુશ્કેલીઓને લીધે સંભાળી શકે તેમ ન હોઈ તા. ૧૦-૫-૮૮થી ગુજરાત વિદ્યુત બોર્ડને સોંપવામાં આવ્યું. વિદ્યુત બોર્ડે આ ખાતાનો હવાલો પણ સંભાળી લીધો છે. તથા મને પણ વિદ્યુત ખાતામાંથી જી. ઈ. બી. માં જુનિયર આસીસ્ટન્ટ તરીકે નોકરીમાં બદલી મળી છે, જે મારા માટે એક અજબ ઘટના છે. બદલી થવાની કોઈ શક્યતા ન હતી, માની કૃપાથી મારી ઇચ્છા ફળદાયી બની છે.



હે પરમકૃપાળુ પરમાત્મા! મને હંમેશ તારે ચરણે ને શરણે રાખજે. તારા સિવાય આ જગતમાં મારું કોઈ જ નથી. મને તારી ભક્તિ કરવાની શક્તિ આપ એવી મારા અન્તરની તને અભ્યર્થના છે. હે પ્રભુ! તું તો અન્તર્યામી છે. તને વધુ શું કહું?

# કાવ્યપ્રસાદ

## પ્રગટ થૈ પળવારમાં!

[ હરિગીતિકા છંદ ]

આ ગહન વન છે વિશ્વ ને મધરાત છે માયા તણી,
કંટક ભર્યો પથ જિંદગીનો ને વાટમાં વિપદા ઘણી;
હે સદ્‌ગુરુ! છું એકલો – નવ કોઈ મુજ સંસારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૪ ॥

પંચાવગુણો તણો મહાદવ જગ વિશે વ્યાપી રહ્યો,
કળિયુગના ક્રૂર પાશમાં આજ માનવી પાપી થયો;
મને આવે અવગુણ લૂંટવા અજ્ઞાનના અંધકારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૭ ॥

હૈયા તણું લૈ હલેસું ને નાવ શરણાગતિ તણી,
સઢ બાંધિયા શ્રદ્ધા તણા ને જાવું છે જ્યોતિ ભણી;
સંસાર–સાગર–વાટમાં જો પોકારું હું મઝધારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૧૦ ॥

તવ બાળ ભક્તિ મારગે છે ભરી રહ્યો ભાખોડિયાં,
ને વિકટ પથ પર વળી પથ્થર બહુ પ્રલોભનનાં પડયાં;
પા પા પગલીઓ માંડતો પડી જાઉં ઠોકર–વારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૧૩ ॥

કૌન્તેયને કાજે કહ્યું કિરતારપણું કુરુક્ષેત્રમાં,
થૈ જગદ્‌ગુરુ આંજ્યું ગીતા તણું જ્ઞાન એના નેત્રમાં;
એ જગદીશ આવ્યા છો જગદ્‌ગુરુ થૈ પુનઃ સંસારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૧૬ ॥

છે માત જો તવ શ્વાસ તો હું દાસ છું એ શ્વાસનો,
કરજો ઇશારો કો'ક દિ' તવ શ્વાસને આ દાસનો;
આવે હવે નિરાકાર જો સાકાર થૈ તવ દ્વારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૧૯ ॥

તવ કૃપા – મુજ શ્રદ્ધા – થકી પામું દરશ જો માતના,
હે પરમ પાવન સદ્‌ગુરુ! તો એટલી છે પ્રાર્થના;
કહ્યું જે હો ભૂલું નહીં ત્યારે 'મા'ના લાડ–દુલારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૨૧ ॥

સુમન સમું મમ જીવન હો – તવ ચરણમાં મહેંકી રહું,
હું કાગડો કોયલ બની તવ ચમનમાં ગહેકી રહું;
લેજો સમાવી સદ્‌ગુરુ, મમ જીવન તવ અવતારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૧૪ ॥

પૂરું કરું જીવન બધું – મમ મૃત્યુને મહેકાવજો,
ત્યારે દાન દેવા દરશનાં નિજ માત સંગે આવજો;
જગ છોડી જાવા નીકળું જગદીશના દરબારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૨૭ ॥

તવ બાળ છું બહુ બોલકો વળી કાલી–ઘેલી વાણીને,
કરુણાનિધિ! ક્ષતિની ક્ષમા નાદાન દેજો જાણીને;
વળી કરું જો કૈં ક્ષતિ કદી 'મુંજ' કાવ્યના લલકારમાં,
પ્રેમે પકડજો હાથ મારો પ્રગટ થૈ પળવારમાં! ॥ ૩૦ ॥

તા. ૨૯–૭–'૮૮ 'મુંજ'


"ભગવતી હૉસ્પીટલ" અને પ્રસૂતિગૃહ

○ ડૉ. ભરત ગાંધી, (એમ. એસ.), ○ મીના ગાંધી (એડવોકેટ)

નેશનલ હાઈવે – ઉદવાડા – R.S. ( જિ. વલસાડ )

# સમાચાર

* તા. ૭-૪-'૮૯ થી ૧૪-૪-'૮૯ સુધી ચૈત્રી નવરાત્ર છે. અનુષ્ઠાન કરવા ઇચ્છતાં ઉપાસકોને ગુરુદેવ આશીર્વાદ પાઠવે છે.

* સૂરતમાં તા. ૧૧-૨-'૮૯ થી ૧૨-૨-'૮૯ શનિ અને રવિવારે ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે :
કાર્યક્રમનું સ્થળ : એ/૬, ત્રિકમનગર સોસાયટી, લંબે હનુમાન રોડ, દર્પણ થિયેટરની સામે, વરાછારોડ, સૂરત.

**સમય :** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધી

* મુંબઈમાં પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ તા. ૪-૩-'૮૯ અને તા. ૫-૩-'૮૯ ને શનિ-રવિવારના રોજ.

**સમય :** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધી.

**સ્થળ :** ગંગાદાસની વાડી, બાબુલનાથ મંદિર પાસે, ચોપાટી, મુંબઈ.


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના


—: શ્રી અંબિકા સોપ ફેક્ટરી અને ટી ડેપો :—

—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—

—: શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (રીટેઈલ વિભાગ) :—

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત-૩

" ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક "



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શકય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈનો ટેકરો, અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ જળ લેવા ઇચ્છનારે ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.